




# વાર્ષિક અહેવાલ

**વર્ષ : ૨૦૧૯-૨૦**

**A MASK** is better
than a ventilator.
**HOME** is better than **ICU**.
**PREVENTION** is better
than treatment.
It's not curfew.
**It's CARE FOR U.**

#stayindoor #staysafe




सं गच्छध्वं सं मनध्वम्

## સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત. (રજિ.)


કાર્યાલય : શ્રી શારદા વિદ્યામંદિર, કોઝવે રોડ, સુરત - ૩૯૫૦૦૪.

www.sssm2007.org email : sssmsurat2019@gmail.com

## સ્થાપકશ્રી

| | | |
|---|---|---|
| શ્રી રાજેશભાઈ નાકરાણી | (નવચેતન વિદ્યાભવન) | ૯૮૨૫૪ ૨૬૧૯૯ |

## એક્ઝીક્યુટિવ કમિટી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી હિતેન્દ્રભાઈ ચૂડાવાળા | (પ્રેસિડન્સી સ્કૂલ) | ૯૮૨૪૧ ૧૩૫૧૯ |
| ૨. | શ્રી જયસુખભાઈ કથિરિયા | (સનગ્રેસ વિદ્યાલય) | ૯૯૨૫૧ ૧૦૦૦૯ |
| ૩. | શ્રી નટુભાઈ કારિયા | (પ્રેસિડન્સી સ્કૂલ) | ૯૮૨૫૨ ૦૪૨૫૨ |
| ૪. | શ્રી બાબુભાઈ રાદડિયા | (સરદાર પટેલ વિદ્યાભવન) | ૯૯૨૫૨ ૦૦૫૩૩ |
| ૫. | શ્રી બળવંતભાઈ પરડવા | (અંકુર વિદ્યાવિહાર) | ૯૬૮૭૭ ૧૧૧૦૦ |
| ૬. | શ્રી સવજીભાઈ પટેલ | (શારદા વિદ્યામંદિર) | ૯૮૭૯૬ ૫૮૦૦૦ |
| ૭. | શ્રી જીવણભાઈ રામાણી | (આશાદીપ વિદ્યાલય) | ૯૧૭૩૩ ૪૧૧૭૮ |
| ૮. | શ્રી મહેશભાઈ પટેલ | (રીવરડેલ એકેડમી) | ૯૯૯૮૯ ૯૨૧૯૧ |

## કારોબારી સમિતિ (વર્ષ : ૨૦૧૯ થી ૨૦૨૧)

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. દીપકભાઈ રાજગુરૂ | અધ્યક્ષશ્રી | (વાઈબ્રન્ટ ગૃપ ઑફ સ્કૂલ્સ) | ૯૯૨૫૨ ૨૨૨૨૯ |
| ૨. | શ્રી સવજીભાઈ હુણ | પ્રમુખશ્રી | (કૌટિલ્ય વિદ્યાલય) | ૯૮૨૫૮ ૨૦૩૨૬ |
| ૩. | શ્રી આનંદભાઈ જીંજાળા | મંત્રીશ્રી | (વિવેકાનંદ ઈંગ્લીશ સ્કૂલ) | ૯૮૭૯૭ ૮૭૧૯૭ |
| ૪. | શ્રી દિપકભાઈ કોલડીયા | સહમંત્રીશ્રી | (સદ્‌વિદ્યા સંકુલ) | ૯૮૨૫૧ ૯૬૩૮૨ |
| ૫. | શ્રી રાજેશભાઈ રાદડિયા | ખજાનચીશ્રી | (ડી.ડી. રાદડિયા વિદ્યાલય) | ૯૮૨૫૨ ૯૪૨૨૫ |
| ૬. | શ્રી અરવિંદભાઈ છેટા | સંગઠન મંત્રીશ્રી | (ઓમ ઈન્ટરનેશનલ સ્કૂલ) | ૯૮૨૫૩ ૭૬૨૩૩ |
| ૭. | શ્રી નવનીતભાઈ પટેલ | ,, | (જ્ઞાનગંગા વિદ્યાલય) | ૯૯૧૩૩ ૩૧૨૯૨ |
| ૮. | શ્રી બાબુભાઈ કોશિયા | કારોબારી સભ્યશ્રી | (કે.જી. ભીંગરાડિયા વિદ્યાલય) | ૯૮૭૯૭ ૯૧૮૪૭ |
| ૯. | શ્રી અમિતભાઈ પટેલ | ,, | (શ્રેયસ વિદ્યાલય) | ૯૫૮૬૩ ૬૦૫૦૫ |
| ૧૦. | શ્રી જીગ્નેશભાઈ પરડવા | ,, | (અર્ચના વિદ્યાભવન) | ૭૩૮૩૦ ૦૦૮૮૮ |
| ૧૧. | શ્રી નિતેષભાઈ રાજ્યગુરુ | ,, | (મણીબા વિદ્યાભવન) | ૯૮૨૫૩ ૮૨૩૪૨ |

## મિડિયા સેક્રેટરીશ્રી

| | | |
|---|---|---|
| શ્રી વલ્લભભાઈ કવાડ | (પ્રકાશ વિદ્યાલય) | ૯૯૨૫૧ ૪૩૭૭૫ |
| શ્રી નવનીતભાઈ ગોપાણી | (જ્ઞાનગંગા વિદ્યાલય) | ૯૯૧૩૩ ૩૧૨૯૨ |

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત. (રજિ.)

સં ગચ્છધ્વં સં મનધ્વમ્

ટ્રસ્ટ રજિ. નં. એફ/૧૪૨૨/સુરત તા.૧૩-૮-૨૦૦૭
(મુંબઈ પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ)

મંડળી નોંધણી નં. ગુજ/૧૫૨૪/સુરત તા.૧૩-૮-૨૦૦૭
(મંડળી નોંધણી અધિનિયમ ૧૮૬૦ હેઠળ)

કાર્યાલય : શ્રી શારદા વિદ્યામંદિર, કોઝવે રોડ, સુરત - ૩૯૫૦૦૪.

## ૧૩મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરતના તમામ સભ્યોને જણાવવાનું કે મંડળની ૧૩ મી વાર્ષિક સાધારણ સભા વર્તમાન કોરોના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ ઓનલાઈન વેબીનારના માધ્યમથી નીચે જણાવેલ સમયે (ZOOM App દ્વારા) યોજાશે. જેની લીંક આપના એસ.વી.એસ. ગ્રુપમાં મૂકવામાં આવશે. આ લીંક પર ક્લીક કરી તમામ સભ્યોને ઓનલાઈન મીટિંગમાં નીચે જણાવેલ સમય પ્રમાણે હાજર રહેવા નમ્ર વિનંતી છે.

### -: એજન્ડા :-

| | |
|---|---|
| - સ્વાગત પ્રવચન... | - પ્રમુખશ્રી |
| - ગત વાર્ષિક સાધારણ સભાની મિનીટ્સ વંચાણમાં લઈ મંજૂર રાખવા બાબત | - મંત્રીશ્રી |
| - તા.૩૧-૩-૨૦૨૦ના રોજ પુરા થતાં વર્ષના ઓડિટ થયેલા હિસાબો વંચાણમાં લઈ મંજૂર રાખવા બાબત | - ખજાનચીશ્રી |
| - પ્રાસંગિક ઉદ્બોધન | - સ્થાપકશ્રી |
| - અધ્યક્ષશ્રીનું ઉદ્બોધન | - અધ્યક્ષશ્રી |
| - આભાર વિધિ | - મંત્રીશ્રી |

**તા.૨૬-૯-૨૦૨૦, શનિવાર, સાંજે ૪.૦૦ કલાકે**

(મીટિંગમાં જોડાવા અહીં ક્લિક કરો)

**ZOOM WEBINAR**

Join Zoom Meeting

https://us02web.zoom.us/j/83953027939?pwd=b3VPQ2U1TzYza2NHYjNXRVVuekQyZz09

Meeting ID : 839 5302 7939 Passcode : SWANIRBHAR

### :: નિમંત્રક ::

## સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત.

| રાજેશ નાકરાણી | ડૉ. દીપક રાજ્યગુરુ | સવજી હુણ | આનંદ જીંજાળા |
|---|---|---|---|
| સ્થાપકશ્રી | અધ્યક્ષશ્રી | પ્રમુખશ્રી | મંત્રીશ્રી |

**નોંધ :-**

(૧) સભાનું કોરમ ન થાય તો સભા અડધો કલાક બાદ તે જ એજન્ડા માટે મળશે અને સભાનું કામકાજ કરવામાં આવશે, જે કાયદેસર ગણાશે.

(૨) સભામાં દરેક સંસ્થામાંથી એક સંચાલકશ્રી / ટ્રસ્ટીશ્રી જોડાઈ શકશે.

(૩) સભાની નોટીસ ZOOM App ની લીંક સાથે અલગથી દરેક એસ.વી.એસ. ગ્રુપમાં મુકવામાં આવશે. આપના મોબાઈલમાં ZOOM App ડાઉનલોડ કરી રાખવી.

# સ્થાપકશ્રીનો સંદેશ



મિત્રો,

સ્થિતિ, પરિસ્થિતિ અને મનઃસ્થિતિ સતત પરિવર્તનશીલ છે. ભૂતકાળ એ સ્થિતિ હતી તેમ માનીને ભૂલી જવી એ જ હિતાવહ છે. પરિસ્થિતિએ આપણો વર્તમાન છે, આપણી આજ છે. મારું એવું સ્પષ્ટપણે માનવું છે કે ભવિષ્યની ચિંતા કરશો તો તમારી વર્તમાન પરિસ્થિતિ પણ બગડશે. મનની સ્થિતિ (મનઃસ્થિતિ)ને તટસ્થરૂપે કેળવવી હોય તો, ભવિષ્યની ચિંતા કરશો નહીં. સુખી થવાનો ''સીધો-મારગ'' એટલે આજમાં જીવો...

કોરોના (કોવિડ-૧૯) એ આપણી આજ છે, તેનો સામનો સાહસ અને સંયમથી કરીશું તો ભવિષ્ય આપોઆપ ઉજ્જવળ થશે. કોરોનાથી ઘણાં કઠોર હૃદયમાં કરૂણા ઉપજી છે. ખરાબ સમયમાં પણ સારું શોધી શકે એ સાધુનું લક્ષણ છે.

સ્વનિર્ભર શાળાઓ હવે આત્મનિર્ભર ભારતનું પ્રથમ પગથિયું બની રહ્યું છે. આમા વિશ્વમાં ફેલાયેલી મહામારીમાં પણ શિક્ષણ ચાલુ રાખવાનો હકારાત્મક અભિગમ દાખવનાર મારા સૌ સન્નિષ્ઠ શાળા સંચાલકોને દિલથી અભિનંદન આપું છું. આ સમય થોડો ચેલેજીંગ છે; ધીરજ રાખીશું તો સારો સમય પણ આવી જશે.

સરકારનું વલણ સ્વનિર્ભર શાળાઓ પ્રત્યે ખૂબ જ નકારાત્મક રહ્યું છે, અનેક વાટા-ઘાટો અને મીટિંગો કરવા છતાં સરકારની ઉદાસીનતા અને એકપક્ષીય લાગણીથી શિક્ષણ-ખંડ-ખંડ થયું છે. સરકારી અમલદારશાહી અને લોકપ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતા અવિચારણીય આદેશપત્રોનો સવિનય વિરોધ કરવો પડ્યો છે.

સંગઠન વધુ મજબૂત થઈ રહ્યું છે, ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના તમામ હોદ્દેદારો અને સન્નિષ્ઠ ઝોનલ સેક્રેટરીશ્રીઓ સહિત કારોબારીના સદસ્યોને વર્ષ ૨૦૧૯-૨૦ની શ્રેષ્ઠ કામગીરી માટે અભિનંદન પાઠવું છું.

**સફળતા મેળવવા માટે**

સક્રિય બનો, જાગૃત રહો, ટોળાંની આગળ રહો, ઊંચું નિશાન તાકો, પ્રામાણિકતા, ખંત અને ધીરજ ધરો.
ઊંચે ચઢો, બચત કરો, ભૂતકાળ ભૂલી જાવ, વર્તમાનમાં જીવો,
ભવિષ્ય પર ભરોસો રાખો, અનંત ચેતનાઓમાં આસ્થા રાખો,
વિજય માટે કૃતનિશ્ચિત બનો, અંત સુધી સંઘર્ષ કરો.

આ વર્ષ ભૂલી જઈ ૨૦૨૦-૨૧નું ચાલુ વર્ષ વિમાસણ ભર્યું છે, તેમાંથી પરમાત્મા આપણને જલદી બહાર લાવે તેવી પ્રાર્થના સહ..

'એકતા જાળવીશું તો સદા જીતીશું'

**રાજેશ નાકરાણી**
સ્થાપકશ્રી
સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત

# અધ્યક્ષશ્રીનું ઉદ્‌બોધન



સ્વનિર્ભર અને સ્વાભિમાની
સભ્ય સંચાલક મિત્રો!
સાદર વંદન

વસંત ઋતુનું સ્વાગત કરવા માટે મહા મહિનાના પાંચમા દિવસે વસંત પંચમીનો તહેવાર ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે, કે વસંત પંચમીના દિવસે શ્રી બ્રહ્માજીના મુખમાંથી દેવી સરસ્વતીનો ઉદ્‌ભવ થયો હતો. એટલે આપણે સૌ વિદ્યોપાસક તમામ તેને ''વિદ્યાજયંતિ'' તરીકે પણ મનાવીએ છીએ.

*सा मां पातु सरस्वती भगवती निःशेष जाड्यापहा।*

અર્થાત્ સંપૂર્ણ અજ્ઞાનતા અને જડતાને દૂર કરનારી માઁ શારદે દેવી આપ અમારી રક્ષા કરો.

૨૯મી જાન્યુઆરી ૨૦૨૦ ની સરસ્વતી પ્રાકટ્ય ઉત્સવ આપણે સૌએ ઉજવ્યો. વિદ્યાર્થી મિત્રો અને સારસ્વતોએ શારદા પૂજન ભાવભક્તિપૂર્વક કર્યું. ત્યારે કોઈને સ્વપ્નમાં પણ ખબર ન હતી, કે આ વરસે વસંત ખરેખર ખીલવાની છે. અને સરસ્વતી ચોપડીઓના પાનાની બહાર નીકળી પ્રકૃતિમાં ખીલી જવાની છે. વિશ્વ જ્યારે કોરોના વાઈરસ (કોવિડ-૧૯) થી સંક્રમિત થવાના પ્રથમ તબક્કામાં હતું, ત્યારે ભારતીય શાળાઓમાં વિદ્યોપાસના ચાલી રહી હતી. કોરોનાનું ભારતમાં આગમન થવાના ભણકારા માર્ચના બીજા સપ્તાહમાં થયા ને ત્રીજા સપ્તાહમાં સમગ્ર દેશ લૉકડાઉનના ગોડાઉનમાં પૂરાવા લાગ્યો. ૨૪મી માર્ચ ૨૦૨૦ એ વસંત ઋતુ અને વાસંતીદેવી સરસ્વતીનો ખીલવાનો શુભારંભ થયો.

માનવજાતે સ્વાર્થવશ કરેલા ભૌતિક વિકાસથી, પ્રકૃતિ (વસંત) ખૂબ વ્યથિત હતી, વૃક્ષોનું નિકંદન, ધરતીનું દોહન, પશુઓનું શોષણ, પક્ષીઓનું પલાયન, નદીઓનું સંક્રમણ, પહાડોનું ખનન, સમુદ્રોનું પ્રદૂષણ, આકાશ અને વાદળાઓ વચ્ચેનું ઝેરી પ્રક્ષેપણથી વન-પવન-ઉપવન કલુષિત થયાં છે. 'કોરોના' એ માનવને તેની જાત બતાવી, એક એવો અદશ્ય વાઈરસ જેને ૬૦-૭૦ દિવસ સમગ્ર દેશ લૉકડાઉન રહ્યો'ને પ્રકૃતિએ ખીલવાનું બીડું ઝડપ્યું. લોકડાઉનના ૨૦-૨૫ દિવસમાં તો વાતાવરણ શુદ્ધ થવા લાગ્યું. કોરોનાએ માનવભક્ષી કદાચ ન કહેવાય. પરંતુ કોરોના એ માનવ રક્ષાનો અલાર્મ છે. જો જીવવું હોય તો લૉકડાઉન થતાં શીખી જાઓ.. નહિંતર મારી જેવા અનેક વાઈરસ તમારૂં નખ્ખોદ વાળવા તૈયાર છે.

મિત્રો! કોરોનાનું નેગેટીવ પાસુ બાદ કરીએ તો ખરેખર ઉમદાવૃત્તિ તરફ વળવાનો એક ઈશારો છે. આત્મચિંતન, સ્વકેન્દ્રિત આત્મોન્નતિ અને દયા-સંવેદનાને પુનઃજાગ્રત કરનારો આ ત્રિમાસિક ચાતુર્માસ છે. ઘરે રહેવાની મજા અને ઘરમાં રહેનાર (ગૃહિણી)ની સજાને ખૂબ સમીપથી અનુભવ્યો. પ્રકૃતિના નયનરમ્ય દ્રશ્યો જોવાની તાલાવેલી સાથે સૌએ લૉકડાઉન ખોલ્યું. સ્વનિર્ભર શાળાઓને આ સંક્રમણ કાળનો સૌથી વધુ ભોગ બનવુ પડ્યું છે. પ્રવાસી શ્રમિકોને સરકારે, એન.જી.ઓ. એ અને સેવાભાવી માનવોએ અન્ન પાણી પહોંચાડ્યું અને તેમણે મજબૂરીમાં સ્વીકાર્યું પણ ખરૂં. સ્વનિર્ભર આત્મનિર્ભર હોવાથી ક્યાંય લાંબો હાથ ન કરી શક્યા, દુઃખ સહન કરી ગયાં ને સારા સમયની રાહ જોતાં રહ્યાં... ભગવાન ભરોસે પ્રાર્થના અને સંવેદના સાથે સંચાલક મિત્રોએ શક્ય તેટલી આર્થિક વ્યવસ્થા જાળવી, ૭૦ ટકા જેટલી શાળાઓની હાલત ખરેખર દયનીય હતી. ૩૦ ટકા જે જૂની અને સદ્ધર ટ્રસ્ટોની હતી તેમણે ત્રણેક મહિનાનું કામ પાર પાડ્યું ને કર્મચારીઓનું ગુજરાન ચલાવવા તમામ પ્રકારની કોશિશ કરી. તેમની આત્મનિર્ભરતાને મારા અનેક-અનેક ધન્યવાદ. આ સાથે વર્ષ ૨૦૧૯-૨૦ ની એક વર્ષની આપણા મંડળની સક્રિય અને સન્નિષ્ઠ કારોબારીના કાર્યનો અહેવાલ રજૂ કરીએ છીએ, તેને આપ સૌ ધ્યાનથી વાંચજો.

નવા વર્ષ ૨૦૨૦-૨૧ માટે કંઈ સૂચનો/પ્રશ્નો હોય તો જણાવશો. સરકારશ્રી, મીડીયા, એક્ટીવીસ્ટો, વાલીમંડળો અને રાજકીય નેતાઓ સાથે મંડળે ખૂબજ સમજદારીપૂર્વક કાર્ય કર્યું છે. ધાક-ધમકી, દાબ-દબાણ કે કોઈને વશ થયા વગર મહામંડળ સાથે સંકલન કરી, શક્ય તેટલાં માર્ગો પ્રશસ્ત કર્યા છે. તે બદલ સ્થાપકશ્રી રાજેશભાઈ નાકરાણી, પ્રમુખશ્રી સવજીભાઈ હૂણ, મંત્રીશ્રી આણંદભાઈ જીંજાળા, દ.ગુ. ઝોન પ્રમુખશ્રી સવજીભાઈ બી. પટેલ સહિત તમામ એક્ઝીક્યુટીવ કમિટી મેમ્બર્સ અને સંપૂર્ણ કારોબારીનો આભાર વ્યક્ત કરું છું. ઝોન ચેરમેનશ્રી તમામે ખરેખર દિલથી સંકલન કરી તમામ માહિતીઓથી સભ્યોને વાકેફ કરી પોતાની ફરજ અદા કરી છે. તેમને પણ સહૃદય ધન્યવાદન પાઠવું છું.

આ સંક્રમણ વર્ષ તરીકે સૌ યાદ રાખશે.. તેમ આપણે આજથી સ્વનિર્ભર શબ્દને નવા અભિગમ સાથે ''આત્મનિર્ભર'' તરીકે ભારતના નિર્માણમાં સહયોગ કરીએ... ભૂલો થઈ છે, થતી ન રહે તેનું ધ્યાન રાખી નવી દિશાઓ તરફ બાળકેન્દ્રી શિક્ષણને વેગવંતુ બનાવવા પ્રયત્નશીલ બનીશું. ''સૌનો સાથ સૌને વિકાસ''

વંદે માતરમ્.... જય જય ગરવી ગુજરાત...

*मेरी दुश्मनी तो सिर्फ अँधेरों से है,*
*ये हवाएँ तो ख्वामखाह मुझसे टकराती है।*

**ડૉ. દીપક રાજ્યગુરૂ 'ડૉ. ગુરૂ'**
અધ્યક્ષશ્રી
સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત

# પ્રમુખશ્રીનું નિવેદન



સુજ્ઞ સંચાલક મિત્રો,

નમસ્કાર!

આપણે સૌ સમાજ નિર્માણના એક અતિ મહત્વના એવા શિક્ષણના વ્યવસાય સાથે શૈક્ષણિક/ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી જોડાયેલા છીએ. ભારતના ભાવિ નિર્માણમાં ખંત અને નિષ્ઠાપૂર્વક આપણે સૌ આગળ વધી રહ્યાં છીએ. મંડળની સ્થાપના કરનાર આપણા સૌ સન્માનનીય વડિલો જાણતા હતા કે ધંધો હોય કે વ્યવસાય કે પછી સેવાકીય સંસ્થા હોય દરેક ક્ષેત્રમાં વિવિધ પ્રશ્નો, મુશ્કેલીઓ અને સંકટ સમય આવતો જ હોય છે. આવા સમયે સંગઠન ખુબ જ ઉપયોગી બની શકે તેવી આગમચેતીના ભાગરૂપે ઈ.સ.૨૦૦૭માં આપણા મંડળની સ્થાપના કરવામાં આવી.

મિત્રો, સ્વનિર્ભર શાળાઓના ઉદ્‌ભવથી શરૂ કરી વર્ષ ૨૦૧૬ સુધી આપણી આત્મનિર્ભરતાના બળ પર આપ સૌ દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કરી ઉચ્ચતમ ગુણવત્તાલક્ષી શિક્ષણ થકી શિક્ષણક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી. જેના પરિણામ સ્વરૂપ આજે સૌ વાલીમિત્રો સરકારી કે ગ્રાન્ટેડ શાળાઓને બદલે ખાનગી સ્વનિર્ભર શાળાઓ પર વધુ ભરોસો કરે છે. આપણી આ પ્રગતિની ઈર્ષા હોય કે કોઈની નજર લાગી હોય, વર્ષ ૨૦૧૬ પછી આપણા પર સંકટોના વાદળો ઘેરાવા લાગ્યા અને મુશ્કેલીઓનું ઘોડાપૂર આવ્યું.

સૌપ્રથમ રાજ્ય સરકારે ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ લાવી આપણી સ્વાયતતા પર કુઠરાઘાત કર્યો. આ કાયદો અમલમાં આવતા આપ સૌના સાથ અને સહકાર થકી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરતે આપણી સ્વાયતતાના હક્ક માટે કાયદાકીય લડતની શરૂઆત કરી. આપણા મંડળે સૌપ્રથમ ફી નિયમન કાયદા વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી. સાથે સાથે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે પણ પીટીશન દાખલ કરી આપણી સાથે જોડાયા. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આપણને પૂર્ણ ન્યાય ન મળતાં સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના માધ્યમથી આપણે નામદાર સુપ્રિમકોર્ટમાં ન્યાય મેળવવા સતત પ્રયત્નશીલ છીએ. નામદાર સુપ્રિમકોર્ટમાંથી આપણને કેટલીક રાહતો મળી. હજુ પણ આપણી લડત ચાલુ જ છે.

ગત વર્ષે ફાયર સેફટી અને સ્કૂલ બિલ્ડીંગની કાયદેસરતા બાબતની મુશ્કેલીમાં સંચાલક મંડળના અથાગ પ્રયત્નોથી આપણે સૌ સંચાલકોને રાહત પહોંચાડવામાં સફળ રહ્યાં. આજે સુરતમાં કોઈ જગ્યાએ આગ લાગે તો શાળા સંચાલકોના દિલ ફફડી ઉઠે છે એટલી હદે પ્રશાસન દ્વારા આપણને ભયભીત કરવામાં આવેલ છે. પરંતુ ઉચ્ચ અધિકારીશ્રીઓ અને આપણાં રાજકીય આગેવાનોની સુઝ-બૂજ અને વાસ્તવિક પરિસ્થિતિના અનુભવના કારણે આપણી રજૂઆતને સકારાત્મક ધોરણે ઉકેલવામાં સૌ મદદરૂપ બન્યાં છે.

ચાલુ વર્ષે સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યમાન શાળાઓના પ્રશ્નો, આપણી સ્વતંત્રતા પર તરાપ સમાન શિક્ષકોની હાજરી અને એકમ કસોટીના સરકારીકરણ જેવાં પ્રશ્નો સામે સંગઠીત થઈ મંડળ સતત ઉકેલની દિશામાં આગળ વધી રહ્યું છે. આપ સૌ પણ વધુને વધુ સંગઠન શક્તિ સંપાદિત કરવામાં મદદરૂપ થશો. જેથી આપણુ મંડળ મક્કમતાપૂર્વક દરેક પ્રશ્નો સામે લડી શકે. આ માટે સંગઠન શક્તિ એ ખૂબ જ મહત્વનું પરિબળ છે. આપણા સૌની એકતા થકી શાળાના કર્મચારીઓ પર થતાં શારિરીક હુમલા સામે રક્ષણ મેળવવા પ્રતિકરૂપે એક દિવસ શૈક્ષણિક કાર્ય બંધ રાખી મા. પોલિસ કમિશનરશ્રી - સુરત, મા. કલેકટરશ્રી - સુરત અને મા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી - સુરતને આવેદનપત્ર પાઠવી શાળાના કર્મચારીઓના રક્ષણ માટે યોગ્ય નીતિ-નિયમો ઘડવા રજૂઆત કરવામાં આવી.

વર્તમાન કોવિડ-૧૯ની વિકટ પરિસ્થિતિમાં પણ આપણે આપણી માનવતા અને દેશહિતની ભાવના ચૂક્યા નથી. કોવિડ-૧૯ને કારણે મુશ્કેલી અનુભવતા રાજ્યના અસહાય લોકોને મદદરૂપ થવા સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના માધ્યમથી આપણે ૫૧,૦૦,૦૦૦/- (એકાવન લાખ રૂપિયા)નો સી.એમ. ફંડમાં ફાળો આપેલ છે. આપણા મંડળે પણ તેમાં ૯,૦૦,૦૦૦/- રૂપિયા જેટલું યોગદાન આપેલ છે. આ માનવતાના કાર્યમાં ફૂલ નહી તો ફૂલની પાખડીરૂપે યોગદાન આપનાર મંડળના સૌ સભ્યોનો મંડળ વતી આભાર વ્યક્ત કરું છું. કોવિડ-૧૯ પેન્ડેમિક પિરીયડ લંબાતો જતો હોવાથી શાળાઓ હાલમાં બંધ છે. સરકારશ્રીના આદેશ અનુસાર ઓનલાઈન શિક્ષણના માધ્યમથી શિક્ષણકાર્ય કરી રહ્યા છીએ. પરંતુ શાળાઓમાં ફીની આવક બંધ થવાથી દરેક શાળાઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયેલ છે. શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને યોગ્ય પગાર મળી રહે તેમજ શાળાના શૈક્ષણિક કાર્ય માટે હાલમાં થઈ રહેલ ખર્ચને પહોંચી વળવા દરેક શાળાને સમયસર શિક્ષણ ફી મળી રહે તે ખૂબ જ જરૂરી છે. આ માટે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના માધ્યમથી આપણે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ન્યાય માંગેલ છે. નામદાર હાઈકોર્ટમાંથી આપણને ન્યાય ચોક્કસ મળશે જ તેવી આશા છે. મહામારીની આ પરિસ્થિતિમાંથી આપણે સૌ વહેલાસર બહાર આવીએ અને જનજીવન પૂર્વવત શરૂ થાય તેવી પ્રાર્થના.

સમગ્ર વર્ષ દરમિયાન આપણા પ્રશ્નોના ઉકેલ માટે અમારી ટીમ સતત પ્રયત્નશીલ રહી છે અને રહેશે. તેમ છતાં મંડળના પ્રમુખ તરીકે અમારી કારોબારી સમિતિ અને ઝોનલ સેક્રેટરીશ્રીઓની ટીમ થકી કોઈને કોઈપણ પ્રકારનું દુઃખ થયેલ હોય તો ક્ષમા યાચું છું.

**સવજીભાઈ હુણ**
પ્રમુખશ્રી - સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત

# મંત્રીશ્રીનો સંદેશ



પ્રિય
સંચાલકમિત્રો,

કોરોના સંક્રમણની વૈશ્વિક મહામારીના હાલના વિકટ સમયમાં આપ અને આપના પરિવારના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તેવી શુભકામના વ્યક્ત કરું છું. આપ સૌ જાણો છો કે વર્ષ ૨૦૦૭થી શરૂ થયેલ આપણા મંડળે ૧૩ વર્ષ પૂર્ણ કર્યા છે. આપણી આ લાંબી સફર દરમિયાન દર બે વર્ષે કારોબારી સમિતિની પુનઃરચના થતી રહી છે. ગત સામાન્ય સભામાં ૧૨ વર્ષમાં પ્રથમવાર એવી ઘટના બની કે મંત્રી તરીકે મને ફરીવાર રીપીટ કરી સૌ વડિલોએ મારા પર વિશ્વાસ મૂક્યો હતો. જેને આપ સૌ તરફથી સમર્થન આપવામાં આવ્યું હતું. જેને હું મારા જીવનની ધન્ય ઘડી ગણું છું. આપ સૌના પ્રેમ અને વિશ્વાસથી મને નવી ઊર્જા પ્રાપ્ત થઈ છે. જે બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મિત્રો ગત વર્ષની જેમ ચાલુ વર્ષ પણ સ્વનિર્ભર શાળાઓ માટે સંઘર્ષ પૂર્ણ રહ્યું. પરંતુ આપ સૌ મિત્રોના સહયોગ અને વડિલોના માર્ગદર્શનથી વર્ષ દરમિયાન આવેલ મુશ્કેલીઓમાં પણ આપણે યોગ્ય ઉકેલો શોધી શકયાં. મારા કારોબારી સમિતિના સૌ સાથી મિત્રો અને ઝોનલ સેક્રેટરીશ્રીઓના ઉત્સાહપૂર્વકના પ્રયત્નોના સહયોગથી મંડળ ખૂબ જ સારી રીતે કાર્ય કરી રહ્યું છે. ત્યારે વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ અંગેનો વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષનો આ વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરી રહ્યો છું.

આપ સૌ આગામી વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહી સહયોગ આપશો અને વર્ષ દરમિયાન મારાથી થયેલ કોઈ ભૂલ બદલ ક્ષમા આપશો તેવી અપેક્ષા સહ...

**આનંદ જીંજાળા**
મંત્રીશ્રી
સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત

# વાર્ષિક અહેવાલ : ૨૦૧૯-૨૦

## વાર્ષિક સાધારણ સભા તા.૨૫-૭-૨૦૧૯

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સુરતની વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક સાધારણ સભા તા.૨૫-૭-૨૦૧૯, ગુરૂવાર સાંજે ૪.૦૦ કલાકે 'ધી ગ્રેટ ફન એમ્યુઝમેન્ટ પાર્ક, સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન, ઉગત-ભેંસાણ રોડ, મોરા ભાગળ, સુરત ખાતે મળી. જેમાં ગત વાર્ષિક સાધારણ સભાની મિનિટ્સ વંચાણે લઈ બહાલી આપવામાં આવી. તા.૩૧-૩-૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષના ઓડિટ થયેલ વાર્ષિક હિસાબો વંચાણે લઈ સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યા. કારોબારી સમિતિની મુદત પૂર્ણ થતાં મંડળના સ્થાપકશ્રી રાજેશભાઈ નાકરાણીએ નવી કારોબારી સમિતિની (ટાઈટલ પેજ-૨ મુજબ) દરખાસ્ત રજૂ કરી જેને તમામ સભ્યોએ સર્વાનુમતે મંજુરી આપી. મંડળના સ્થાપકશ્રી નવનિયુક્ત પ્રમુખશ્રી તેમજ નવનિયુક્ત અધ્યક્ષશ્રીએ માર્ગદર્શન પૂરું પાડ્યુ તેમજ મંડળની ભાવિ રૂપરેખા અંગે માહિતી આપવામાં આવી. વર્ષ દરમિયાન સુંદર કામગીરી બદલ ઝોનલ સેક્રેટરીશ્રીઓને સ્મૃતિભેટ વડે સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમ સૌજન્ય બદલ સ્કૂલર, પિંકલ સ્ટોર્સ, અરિહંત એન્ટરપ્રાઈઝ, પરફેક્ટ બેન્ક તથા કિશોરભાઈ ભટ્ટનું સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમની સુંદર વ્યવસ્થા બદલ 'ધી ગ્રેટ ફન એમ્યુઝમેન્ટ પાર્ક'ના સંચાલકશ્રીનું વિશેષ સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો. એજન્ડા મુજબની કાર્યવાહી પૂર્ણ થતાં નવનિયુક્ત મંત્રીશ્રીએ સૌનો આભાર માની સભાને પૂર્ણ થયેલી જાહેર કરી.

## મેગા રક્તદાન કેમ્પ (કારગીલ દિન) તા.૨૬-૭-૨૦૧૯

નવનિયુક્ત કારોબારી સમિતિએ કારગીલ વિજય દિવસ - દ્વિદશાબ્દી નિમિત્તે જય જવાન નાગરિક સમિતિ દ્વારા પ્રેરીત મેગા રક્તદાન કેમ્પમાં સહયોગી સંસ્થા તરીકે હાજર રહી રક્તદાન કરવામાં આવ્યું. આમ લોકહિતના ઉમદા કાર્યથી શરૂઆત કરવામાં આવી.

## શિક્ષણ સચિવશ્રી ડૉ. વિનોદરાવને રજૂઆત તા.૩૧-૭-૨૦૧૯

ગુજરાત રાજ્ય સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની સાથે રહી શિક્ષણ સચિવશ્રીને સ્વનિર્ભર શાળાઓને લગતા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી તેમજ શિક્ષણ વિભાગની વિવિધ ઓફિસોમાં નવનિયુક્ત પ્રમુખ, મંત્રી અને અધ્યક્ષશ્રીના નામ નોંધણી અંગે પત્ર દ્વારા જાણ કરવામાં આવી.

## મહામંડળની મિટીંગમાં હાજરી તા.૧૫-૯-૨૦૧૯

સરદાર પટેલ વિદ્યાલય - ભાવનગર ખાતે તા.૧૫-૯-૨૦૧૯ ના રોજ સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની કારોબારી સમિતિની પુનઃરચના અને વિવિધ સમિતિઓની રચના કરવા માટે મળેલ જનરલ મિટીંગમાં હાજર રહી ચર્ચામાં ભાગ લીધો. નવી રચાયેલ કારોબારી સમિતિમાં આપણા મંડળના સ્થાપકશ્રી રાજેશભાઈ નાકરાણીની મહામંત્રી તરીકે, અધ્યક્ષશ્રી ડૉ. દિપકભાઈ રાજ્યગુરુની પ્રવક્તા તરીકે, એક્ઝીક્યુટિવ મેમ્બર્સ શ્રી સવજીભાઈ પટેલની ઉપપ્રમુખ (દક્ષિણ ઝોનના પ્રમુખ) તરીકે, શ્રી બળવંતભાઈ પરડવા તથા શ્રી બાબુભાઈ રાદડિયાની મુખ્ય સંકલન અને વ્યવસ્થાપન કમિટીના સભ્ય તરીકે, શ્રી ચુનીભાઈ ગજેરાની મુખ્ય સલાહકાર કમિટીના ચેરમેન તરીકે તથા શ્રી જૈમીન રાજ્યગુરુ અને શ્રી પ્રદિપકુમારની લીગલ કમિટીના સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી. નવનિયુક્ત તમામ સભ્યોને મંડળ વતી ખૂબ ખૂબ અભિનંદન. આ મિટીંગમાં મહામંત્રીશ્રી રાજેશભાઈ નાકારણીએ મહામંડળના કોઈપણ હોદ્દેદારોએ અન્ય કોઈ મંડળમાં સભ્ય બનવું નહીં. આગામી બોર્ડની ચૂંટણીમાં દરેક ઝોનમાંથી સંચાલક સંવર્ગની ચૂંટણી લડવી. જો આપણી એકતા હશે તો ચારેય સભ્યો આપણા જ ચૂંટાશે તેમ જણાવ્યું.

## શાળા બંધનું એલાન તા.૩૦-૯-૨૦૧૯

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની સભ્ય શાળા આશાદિપ વિદ્યાલયમાં બનેલી ઘટના અંગે સંબંધીત શાળાને દોષિત કર્મચારી પર યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું. વાલીશ્રીએ ગેરકાયદેસર મંડળી રચી શાળામાં ગેરકાયદેસર પ્રવેશ કરી શાળાના કર્મચારીને ઢોરમાર મારવામાં આવ્યો. આ ઘટનાથી સમગ્ર શિક્ષણ જગતમાં ભયનું વાતાવરણ ઉભુ થવાથી શાળાના કર્મચારીઓની સલામતી અને રક્ષણ અંગે સરકારશ્રી યોગ્ય કાયદો ઘડી નીતિ, નિયમો જાહેર કરે તેવી માંગણી સાથે તા.૩૦-૯-૨૦૧૯ ને સોમવારના રોજ એક દિવસ પ્રતિકરૂપે શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનું એલાન આપવામાં આવ્યું. જેમાં સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ, સુરત શહેર/જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, અમદાવાદ પૂર્વ એજ્યુકેશન મંડળ, સુરત એકેડેમિક એશોસિયેશન અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ, અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળ, સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ, ભરૂચ જિલ્લા આચાર્ય સંઘ, સુરત શહેર આચાર્ય મંડળ, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - ભરૂચ, પંચમહાલ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, ધી વરાછા ક્લાસીસ એસોસીએશન, કતારગામ એકેડેમીક એસોસીએશન, વિવિધ સંસ્થાઓ દ્વારા લેખિત ટેકો જાહેર કરવામાં આવ્યો.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત દ્વારા તા.૩૦-૯-૨૦૧૯ના રોજ પોલિસ કમિશનરશ્રી - સુરત, કલેકટરશ્રી - સુરત અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતને ૧૧:૩૦ કલાકે આવેદનપત્ર આપવામાં આવ્યું. મહામંડળની આગેવાની હેઠળ સુરતની ઘટના અંગે રાજ્યના તમામ જિલ્લામાં કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યાં. જેનો પડઘો સમગ્ર ગુજરાતમાં પડ્યો હતો. શિક્ષણ વિભાગે આ અંગે ગંભીર નોંધ લેવાની ફરજ પાડવામાં આવી. ઉપરોક્ત તમામ કાર્યવાહી અંગે તા.૨૭-૯-૨૦૧૯ ને શુક્રવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ ખાતે મંડળની ખાસ સામાન્ય સભા બોલાવી બહાલી લેવામાં આવેલ.

## વિશિષ્ટ સન્માન સમારોહ તા.૬-૧૧-૨૦૧૯

ચોમાસા દરમિયાન સમગ્ર દેશ અને ગુજરાતમાં રેલના પાણીએ જાનમાલની ભારે તારાજગી કરી છે. સુરતને તેમાંથી બચાવનાર અધિકારીશ્રીઓની ટીમ દ્વારા વર્ષ ૨૦૦૬ની સરખામણીમાં ૨૦૧૯માં ત્રણથી ચાર ગણુ વધારે પાણી પડ્યું હોવા છતાં તાપી નદીને બે કાઠાની બહાર ન જવા દેનાર બાહોશ અધિકારીઓને સન્માનવા પીપલ ફોર ઈન્ડિયા ફોરમ - સુરત, પ્રેસિડન્સી પરિવાર તથા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરતના સંયુક્ત ઉપક્રમે પ્રેસિડન્સી સ્કૂલ, ન્યુ રાંદેર રોડ ખાતે "વિશિષ્ટ સન્માન સમારોહ" યોજવામાં આવ્યો. જેમાં શ્રી કે.બી. રાબડિયા (મુખ્ય ઈજનેર દક્ષિણ ગુજરાત અને અધિક સચિવશ્રી), ડૉ. ધવલભાઈ પટેલ (જિલ્લા કલેકટરશ્રી - સુરત), શ્રી થેનારસન (આઈ.એ.એસ.) (પૂર્વ મ્યુનીસીપલ કમિશનરશ્રી, સુરત) તેમજ શ્રી આર.એમ. પટેલ તથા શ્રી એસ.આર. મહાકાલ (બંને અધિક ઈજનેરશ્રી, ઉકાઈ સિંચાઈ વર્તુળ)નું સન્માન કરવામાં આવ્યું. સન્માનના પ્રતિભાવમાં તેઓએ જણાવ્યું કે સારું કામ કરનારનું જાહેર સન્માન કરનાર આ પ્રથમ ઘટના છે. જેની અમો ગર્વ સાથે નોંધ લઈએ છીએ.

## મહામંડળના સભ્ય બનવા અંગે

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળનું સભ્યપદ મેળવવા અંગે સુરતના તમામ સભ્યોને રૂ.૧૧૦૦ ભરી મંડળના માધ્યમથી સભ્ય બને તેવી વ્યવસ્થા ગોઠવી. જેમાં ૨૪૫ સભ્યોનું લવાજમ મહામંડળમાં જમા કરાવવામાં આવ્યું. હજુ પણ જે મિત્રોનું લવાજમ બાકી હોય તેમણે રૂ.૧૧૦૦ ભરી મહામંડળના સભ્ય બની જવા વિનંતી.

## નૂતન વર્ષ સ્નેહમિલન તા.૪-૧-૨૦૨૦

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત દ્વારા વિક્રમ સંવત ૨૦૭૬ અને ઈ.સ.૨૦૨૦ ના નૂતન વર્ષની સ્નેહસભર ઉજવણી તા.૪-૧-૨૦૨૦ના રોજ ૪:૩૦ કલાકે શ્રી ગુરૂકૃપા વિદ્યાસંકુલ, ઉધના ખાતે ડૉ. જગદિશભાઈ પટેલ (મેયરશ્રી, સુરત)ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી એન.વી. ઉપાધ્યાય (ડે. કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા) એ ખાસ ઉપસ્થિત રહી ફાયર સેફટી અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. શ્રી એચ.એચ. રાજ્યગુરુ (જિલ્લા શિક્ષણાધિકારી, સુરત) તથા શિક્ષણ નિરીક્ષકોએ ખાસ ઉપસ્થિત રહી શાળા સંચાલન અંગે સચોટ વહિવટી માર્ગદર્શન આપવામાં આવ્યું. સ્થળ અને ભોજન સૌજન્ય બદલ યજમાન શાળાના ટ્રસ્ટીશ્રીઓ શ્રી મુકેશભાઈ પટેલનો મંડળ વતી આભાર વ્યક્ત કરીએ છીએ. કાર્યક્રમ સૌજન્ય અંગે યોગદાન આપનાર કેમ્પસ ડીન સોફટવેરનો પણ આભાર માનીએ છીએ.

## બોર્ડની પરીક્ષામાં સ્થળ સંચાલકની નિમણૂક અંગે તા.૬-૧-૨૦૨૦

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષામાં સેલ્ફ ફાઈનાન્સ બિલ્ડીંગમાં અન્ય શાળાના સ્થળ સંચાલકની નિમણુંક કરવાનો માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર કરવામાં આવેલ. જેનો આપણા મંડળ તરફથી વિરોધ કરવામાં આવ્યો. પરીક્ષા સમિતિનો આ નિર્ણય ઉતાવળભર્યો અને અયોગ્ય છે તેમજ આશંકા અને અવિશ્વાસથી ભરેલો છે. આ નિર્ણયથી સમગ્ર ગુજરાતના સ્વનિર્ભર શાળાઓના સ્વમાનને ઠેસ પહોંચેલ છે. આ બાબતે પુનઃવિચારણા કરવા રજૂઆત કરવામાં આવી. જેનો બોર્ડ દ્વારા સ્વીકાર કરી પરીપત્ર રદ કરવામાં આવ્યો હતો. આમ મંડળની રજૂઆતનો સકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો.

## શિક્ષકોની ઓનલાઈન હાજરી ન પુરવા બાબત તા.૮-૧-૨૦૨૦

શિક્ષકોની હાજરી અને પ્રમાણિકતાની દેખરેખની તમામ જવાબદારી જે તે સંસ્થાના સંચાલકની છે, ત્યારે શિક્ષણ વિભાગના આ નિર્ણયને આપણા મંડળે સ્વીકારેલ નથી. આ બાબત અમારા મંડળની સભ્ય શાળાઓને શિક્ષકોની ઓનલાઈન હાજરી માટે દબાણ કરાશે તો અમોએ વિદ્યાર્થીઓની હાજરી બાબતે પણ અસહકાર દ્વારા વિરોધ કરવાની ફરજ પડશે. હાલમાં શિક્ષણ વિભાગ સાથે વાતાઘાટો ચાલુ હોય તમામ પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી કોઈ કાર્યવાહી ન કરવા ભલામણ કરવામાં આવી.

## પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને રજૂઆત તા.૨૦-૧-૨૦૨૦

જૂન-૨૦૨૦ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી નવી નોન-ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અથવા ક્રમિક વર્ગ / વર્ગ વધારાની મંજુરી મેળવવા માટેની ઓનલાઈન દરખાસ્ત માટે માત્ર ૧૭ દિવસનો ટાઈમ આપવામાં આવેલ હતો. જે અપૂરતો હોય ઘણી બધી સંસ્થાઓ ઓનલાઈન દરખાસ્તથી વંચિત રહી ગયેલ હતા. આથી મંડળ દ્વારા ઓનલાઈન અરજી માટેની મુદત લંબાવી આપવા વિનંતી કરેલ. જેનો નિયામકશ્રી સ્વીકાર કરી મુદત લંબાવી આપી હતી.

## નવા શૈક્ષણિક સત્ર અંગે રજૂઆત તા.૨૪-૨-૨૦૨૦

શિક્ષણ વિભાગના તા.૪-૨-૨૦૨૦ ના ઠરાવથી નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવા જણાવવામાં આવેલ. આપણા મંડળ દ્વારા આ ઠરાવને આવકારવામાં આવેલ છે પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં દરેક શાળાઓએ અગાઉથી કરેલ વાર્ષિક આયોજનને કારણે ચાલુ વર્ષે ૨૦મી એપ્રિલથી નવું સત્ર શરૂ કરવામાં મુશ્કેલી ઉભી થાય તેમ છે તેવી મોટાભાગની શાળાઓની રજૂઆતને ધ્યાને લઈ શિક્ષણ સચિવશ્રી ડૉ. વિનોદ રાવને ચાલુ વર્ષ માટે શાળાઓને થોડી છુટ-છાટ આપવા રજૂઆત કરવામાં આવી.

## શિક્ષણ સચિવશ્રી સાથે વિડીયો કોન્ફરન્સ — તા.૧૧-૨-૨૦૨૦

સ્વનિર્ભર શાળાઓના પ્રશ્નો અંગે મા.શિક્ષણ સચિવશ્રી ડૉ. વિનોદ રાવ સાથે વિડિયો કોન્ફરન્સમાં આપણા મંડળના અધ્યક્ષશ્રી, પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને ખજાનચીશ્રીએ ભાગ લીધો હતો. આ વિડીયો કોન્ફરન્સમાં મંડળ તરફથી RTE ફી રિએમ્બર્સમેન્ટ કાયદાની જોગવાઇ મુજબ ચૂકવવા તેમજ વર્ગવધારા બાબત તા.૨૦-૧૨-૨૦૧૯નું નોટિફીકેશન નવી શાળાઓ માટે જ છે, પરંતુ જુની શાળાઓના ક્રમિક/વધારવા વર્ગો માટે પણ નવા નિયમો લાગુ પાડી વર્ગ વધારા નામંજુર કરેલ છે. આ અંગે પુન:વિચારણા કરવા રજૂઆત કરવામાં આવી.

આ વિડીયો કોન્ફરન્સમાં મા.સચિવશ્રી (શિક્ષણ) ડૉ. વિનોદ રાવ સાહેબે જણાવ્યું કે DEO ફક્ત શિક્ષણ અંગેનું કામ કરશે. અનટ્રેઇન્ડ શિક્ષકોને કાઢી મૂકવા નહીં. ફાયર સેફટી અંગે અરજી કરેલ હોય તે માન્ય રાખવું. સ્કૂલ બિલ્ડીંગ અંગે પ્લાન પાસ છે કે કેમ તે જોવાનું કામ DEO એ કરવાનું નથી. વર્ગખંડો છે, બાથરૂમ-મુતરડી છે અને શાળા સેફટીની જોગવાઇ છે તે જોવું.

## બોર્ડની મૂલ્યાંકન કામગીરી અંગે — તા.૨૮-૪-૨૦૨૦

કોવિડ-૧૯ને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન હોવા છતાં ધો.૧૦ અને ૧૨ ના બોર્ડના વિદ્યાર્થીઓનું પરિણામ સમયસર મળી રહે તેવા માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડના પ્રયત્નોમાં DEO સુરતની અપીલને માન આપી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ ઘટતા શિક્ષકો પુરા પાડી મદદરૂપ બન્યુ હતું. જેના પરિણામ સ્વરૂપ સમગ્ર દેશમાંથી માત્ર ગુજરાત બોર્ડ એક જ સમયસર બોર્ડનું પરિણામ જાહેર કરી શક્યું હતું.

## C.M. Fund માં ફાળો આપવા બાબત — તા.૧૦-૪-૨૦૨૦

કોવિડ-૧૯ની વિકટ પરિસ્થિતિમાં અસહાય લોકોની મદદ માટે મા.શિક્ષણમંત્રીશ્રીની અપીલને માન આપી સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ - ગુજરાત તરફથી રૂ.૫૧,૦૦,૦૦૦/- (રૂપિયા એકાવન લાખ) નો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યો હતો. મા.મુખ્યમંત્રીશ્રીને ચેક આપવા આપણા મંડળ વતી શ્રી રાજેશભાઇ નાકરાણી, ડૉ. દિપક રાજ્યગુરુ અને સવજીભાઇ પટેલ મા.કલેકટરશ્રીની સ્પેશ્યલ પરમીશન લઇ ગાંધીનગર ગયા હતા. આ ફાળામાં દક્ષિણ ઝોનના ભાગે આવતા રૂ.૧૨,૫૦,૦૦૦/- નો ફાળો આપ સૌ સંચાલકમિત્રોના સહયોગથી આપણે આપી શક્યા છીએ. વલસાડ જિલ્લા તરફથી રૂ.૧,૫૧,૦૦૦/-, નવસારી જિલ્લા તરફથી રૂ.૧,૫૧,૦૦૦/- અને ભરૂચ જિલ્લા તરફથી રૂ.૬૦,૦૦૦/- નું યોગદાન આપવામાં આવેલ. બાકીની રકમનું યોગદાન આપણા મંડળ તરફથી આપવામાં આવ્યું હતું. લોકડાઉનમાં માત્ર મેસેજ દ્વારા અપીલ કરવાથી પણ C.M. Fund માં ઉદાર હાથે ફાળો આપનાર તમામ મિત્રોનો સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ આભાર વ્યક્ત કરે છે. જરૂરિયાતમંદોને ભોજન તેમજ ફુડપેકેટના વિતરણમાં પણ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની શાળાઓ આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ, એલ.પી. સવાણી ગ્રુપ, પી.પી. સવાણી ગ્રુપ, વશિષ્ઠ સ્કૂલ - વાવ, લીઓ સ્કૂલ ગ્રુપ, મૌની ઈન્ટરનેશનલ સ્કૂલ, ગજેરા શાળા પરિવાર, ગુરુકૃપા સ્કૂલ - ઉધના, ડી.પી.એસ. સ્કૂલ વિ. સામાજિક જવાબદારીના ભાગરૂપે સેવાકાર્યમાં જોડાઇ ખૂબ જ મદદરૂપ બન્યા હતા.

## ZOOM Meeting (લોકડાઉન કાર્યકાળ)

લોકડાઉનના કાર્યકાળ દરમિયાન રૂબરૂ મળી શકાય તેમ ન હોવા છતાં સોશિયલ મિડિયાના માધ્યમથી વારંવાર ઝુમ મિટીંગ કરી સંચાલકોના પ્રશ્નો અંગે ઇ-મેઇલના માધ્યમથી રજૂઆત કરવામાં આવી. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ, શિક્ષણ વિભાગ અને સરકારશ્રી સાથે પણ વાટાઘાટો ચાલુ રાખવામાં આવેલ.

(૧) તા.૯-૪-૨૦૨૦ના રોજ મા.કલેકટરશ્રી - સુરતને પત્ર મેઇલથી મોકલી શાળામાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ લોકડાઉનમાં આર્થિક મુશ્કેલી ન અનુભવે તેની કાળજી લઇ માર્ચ-૨૦૨૦નો પગાર ચૂકવવા માટે શાળા પર જવાની પરમીશન માંગવામાં આવી. મા.કલેકટરશ્રી દ્વારા પગાર કરવા જવા માટે તા.૧૧-૪-૨૦૨૦ની દિન એકની પરવાનગી આપવામાં આવી હતી. જેથી સૌ સંચાલકોએ શાળા પર જઇ પગાર ચૂકવતા સ્વનિર્ભર શાળાના કર્મચારીઓને મદદરૂપ બન્યા હતા.

(૨) તા.૧૬-૪-૨૦૨૦ - સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની કોરકમિટી સાથે ફી બાબત મા.મુખ્યમંત્રીશ્રી અને મા.શિક્ષણમંત્રીશ્રી સાથે તા.૧૪-૪-૨૦૨૦ના રોજ થયેલ વાટાઘાટો અને નક્કી થયેલ મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી. આ મીટિંગમાં આપણા મંડળ વતી શ્રી રાજેશભાઇ નાકરાણી, ડૉ. દિપકભાઇ રાજ્યગુરુ અને શ્રી સવજીભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મીટિંગમાં થયેલ ચર્ચાઓથી મંડળની કારોબારીને વાકેફ કરવામાં આવી.

(૩) તા.૨૩-૪-૨૦૨૦ - લોકડાઉન દરમિયાન શાળાઓ બંધ હોવાથી શિક્ષણ ફી આવતી બંધ થયેલ હતી. આથી શાળાઓ આર્થિક મુશ્કેલી અનુભવતી હોવાથી કારોબારી મીટિંગમાં નક્કી થયા મુજબ આપણા મંડળના સ્થાપકશ્રી દ્વારા વરાછા બેંકમાં પત્ર લખી લોન આપવા બાબત વિનંતી કરી હતી. વરાછા બેંક તરફથી તા.૨૪-૪-૨૦૨૦ના રોજ તાત્કાલિક પત્ર દ્વારા શાળા સંચાલકોને રૂ.૫,૦૦,૦૦૦/- સુધીની જાતજામીન લોન અને શાળાની બાંહેધરી લઇ શિક્ષકોને રૂ.૧,૦૦,૦૦૦/- સુધી શિક્ષક મિત્ર પર્સનલ લોન આપવાની સંમતિ આપી હતી. જે બદલ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત વતી ધી વરાછા કો.ઓ.બેંક લિ.નો આભાર વ્યક્ત કરીએ છીએ.

(૪) તા.૩-૫-૨૦૨૦ના રોજ યોજાયેલ કારોબારી ઝુમ મીટિંગમાં લોકડાઉન લંબાતા શાળાની સફાઇ અને વાર્ષિક પરિણામ તૈયાર કરવા માટે મા.કલેકટરશ્રીની મંજુરી માંગવાનું નક્કી થયું હતું તેમજ શાળાના કર્મચારીઓના પગાર અને નાણાકીય મુશ્કેલી બાબત મહામંડળના માધ્યમથી સરકારશ્રીને રજૂઆત કરવાનું નક્કી થયેલ. જેમાં તા.૨-૫-૨૦૨૦ના રોજ મહામંડળ દ્વારા મા.મુખ્યમંત્રીશ્રીને શાળાઓને આર્થિક મુશ્કેલીઓ અંગે સહાય કરવા બાબત લખેલ પત્ર અંગે પણ ચર્ચા કરવામાં આવી તથા મંડળ દ્વારા તા.૪-૫-૨૦૨૦ના રોજ મા.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા મા.કલેકટરશ્રી - સુરતને પત્ર લખી શાળાઓમાં વહિવટી કામ તેમજ સાફ-સફાઇ માટે જરૂરી કર્મચારીઓને સવારે ૭:૩૦ થી ૧૨:૩૦ સુધી આવવા-જવા માટેની પરવાનગી માંગવામાં આવી. જેનો જવાબ નહીં મળતા તા.૮-૫-૨૦૨૦ના રોજ ફરીવાર પત્ર લખવામાં આવ્યો હતો. જેથી

તા.૯-૫-૨૦૨૦ ના રોજ સદર કામગીરીમાં રોકાયેલા શિક્ષકોને શાળાએ જવાની મંજુરી આપવામાં આવી હતી. આ માટે આપણને માત્ર એક જ દિવસનો ટાઇમ મળેલ જે અપૂરતો હોય ફરીથી તા.૧૦-૫-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી ઝુમ મીટિંગમાં ચર્ચા કરી. તા.૧૨-૫-૨૦૨૦ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને શાળાઓનું વહિવટી કાર્ય માટે કર્મચારીઓને શાળા પર જવાની પરમીશન મળતી ન હોવાથી આધાર ડાયસ, યુ-ડાયસ, વાર્ષિક પરિણામ તેમજ અન્ય વહિવટી કામ થઇ શકે તેમ નથી. આથી સ્વનિર્ભર શાળાઓને સદર કામ માટે ફરજ પાડવામાં ન આવે તે અંગે જાણ કરવામાં આવી. જેના પ્રત્યાઘાતરૂપે તા.૧૯-૫-૨૦૨૦ થી ૨૩-૫-૨૦૨૦ સુધી આચાર્યશ્રી તથા ૨ વહિવટી કર્મચારીઓને શાળા પર જવાની પરવાનગી તા.૧૮-૫-૨૦૨૦ના પત્રથી આપવામાં આવી હતી.

આમ લોકડાઉન પીરિયડ દરમિયાન પણ મંડળની કારોબારી સમિતિએ સંચાલકોના વિવિધ પ્રશ્નો અંગે સતત જાગૃત રહી પ્રયત્ન કરેલ છે. જે અભિનંદનીય છે.

## શાળાઓમાં બાકી ફીની વસુલાત અંગે — તા.૧૨-૪-૨૦૨૦

મા.શિક્ષણમંત્રીશ્રી સાથે થયેલ ચર્ચા-વિચારણા અને ત્યારબાદ માન.મુખ્યમંત્રીશ્રી સાથે થયેલ પુખ્ત વિચારણા બાદ વાલીશ્રીઓ પ્રત્યે માનવીય અભિગમ દાખવી માર્ચ-એપ્રિલ-મે ૨૦૨૦ આ ત્રણ માસની અથવા તો વર્ષ ૨૦૧૯-૨૦ની અન્ય કોઇ જે બાકી ફી હોય તે વાલીશ્રીને નવેમ્બર-૨૦ સુધીના સરળ હપ્તા કરી આપી સહકાર આપવો. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ શરૂ થાય ત્યારથી તથા સત્રની ફી જો કોઇ વાલી ત્રિમાસિક ભરી શકે તેમ ન હોય તો માસિક ધોરણે ફી ભરવાની સુવિધા કરી આપવી. વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં કોઇપણ પ્રકારનો ફી વધારો કરવો નહીં. એવો નિર્ણય કરવામાં આવ્યો. જે આપણા મહામંડળ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. આ મીટિંગમાં સ્થાપકશ્રી રાજેશભાઇ નાકરાણી, અધ્યક્ષશ્રી ડો. દિપકભાઇ રાજ્યગુરુ અને એક્ઝીક્યુટીવ મેમ્બરશ્રી સવજીભાઇ પટેલે આપણા મંડળ વતી હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

કોરોના સંક્રમણની સ્થિતિ લંબાતી ગઇ અને લોકડાઉન પીરિયડ પણ લંબાતો જતો હોવાથી લોકોના ધંધા-રોજગાર પર માઠી અસર થઇ અને આર્થિક મુશ્કેલીઓ પણ ઉભી થઇ. આથી ૮મી જુનથી શરૂ થયેલ નવું સત્ર ૨૦૨૦-૨૧માં શાળા ખુલી શકે તેમ ન હોવાથી ઓનલાઇન એજ્યુકેશન (હોમ લર્નીંગ)ના માધ્યમથી શિક્ષણકાર્ય શરૂ કરવાના સરકારશ્રીના નિર્ણયનું પાલન કરી શાળાઓમાં સોશીયલ મિડીયાના માધ્યમથી શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું. પરંતુ વાલીશ્રીઓની ખરાબ આર્થિક પરિસ્થિતિને કારણે કોઇ વાલી પાસેથી શિક્ષણ ફી આવી શકી નહીં. આથી શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર ચૂકવવામાં ખૂબ જ મુશ્કેલી ઉભી થઇ. બીજી બાજુ વાલીઓ દ્વારા ફી માફી અંગે આંદોલનો શરૂ થયા. આથી શાળાઓ માટે આર્થિક મુશ્કેલી ઉભી થવાથી મહામંડળ દ્વારા તા.૨૦-૬-૨૦૨૦ના રોજ શિક્ષણમંત્રીશ્રીને પત્ર લખી ફીમાં ઘટાડો કરવામાં આવશે તો શાળાના સ્ટાફને છૂટો કરવાની ફરજ પડશે. જેથી આશરે પાંચ લાખ શિક્ષકો બેકાર થશે. ફી ઘટાડાનો નિર્ણય શિક્ષણ, શિક્ષક અને સંચાલક માટે ઘાતક નિવડશે. આથી સરકારશ્રીએ ફી ઘટાડા જેટલું આર્થિક પેકેજ આપવું તથા RTE ના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૨૦-૨૧ની ફી શાળાઓને એડવાન્સ આર્થિક રાહત સ્વરૂપે આપવી. તેવી રજૂઆત કરવામાં આવી. સરકારશ્રીએ આપણી કોઇપણ વાત માન્યા વિના અને વાલીઓના દબાણ સામે ઝૂકી જઇને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી. સેલ તા.૧૬-૭-૨૦૨૦ થી ઠરાવ કરેલ જેમાં મુદ્દા નં.૩ મુજબ ઇતર પ્રવૃત્તિઓની ફી વસૂલવાની રહેશે નહી તથા મુદ્દા નં.૪-૧ મુજબ શાળાઓ વાસ્તવિક રીતે બંધ થઇ તે સમયગાળાથી શરૂ કરીને શાળાઓ પુનઃવાસ્તવિક રીતે શરૂ થાય તે સમયગાળા સુધી કોઇપણ પ્રકારની ટ્યુશન ફી વસુલ કરી શકશે નહી, તેવી જાહેરાત કરવામાં આવી. શિક્ષણ વિભાગનો આ નિર્ણય શાળાના કર્મચારીઓ માટે આર્થિક મુશ્કેલી ઉભી કરે તેમ હોય તથા શાળા સંચાલકો માટે મરણતોલ અને ઘાતક હોવાથી સમગ્ર રાજ્યમાંથી સંચાલક મંડળે તેનો વિરોધ કર્યો અને ઓનલાઇન એજ્યુકેશન અચોક્કસ મુદત માટે બંધ રાખવાનો નિર્ણય કરી સરકારશ્રીને આ ઠરાવ રદ કરવા રજૂઆત કરી. તેમ છતાં આપણી માંગણી ન સ્વીકારવામાં આવી. આથી મહામંડળના માધ્યમથી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આપણે ન્યાય માટે અપીલ કરી. નામદાર ગુજરાત હાઇકોર્ટના વચગાળાના હુકમથી શિક્ષણ વિભાગના ઠરાવમાંથી મુદ્દા નં.૪-૧ ને રદ કરવામાં આવ્યો. જે આપણા માટે રાહતરૂપ બન્યો અને આપણને આંશિક ન્યાય મળ્યો. આગામી સમયમાં ફી અંગે ફાયનલ ચૂકાદો આવે તેની રાહ જોઇએ અને ત્યાં સુધી સૌ સંચાલકમિત્રોએ ધીરજ રાખી ફી અંગે કોઇ નિર્ણય લેવાની ઉતાવળ કરવી નહીં. નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા બાદ મંડળ દ્વારા યોગ્ય નિર્ણય કરીશું. આશા રાખીએ કે હાઇકોર્ટમાંથી આપણને ન્યાય મળશે, ત્યાં સુધી કોઇપણ જાતનું ઉતાવળુ પગલું ભરવું નહી.

## એકમ કસોટી બાબત રજૂઆત — તા.૬-૭-૨૦૨૦

કોવિડ-૧૯ના કારણે એકમ કસોટી રદ કરવા આપણા મંડળે ડો. વિનોદ રાવ (શિક્ષણ સચિવ)ને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ફરજીયાત રીતે સ્વનિર્ભર શાળાઓએ પણ એકમ કસોટી લેવાનો પરિપત્ર કરતા મંડળ દ્વારા DEO સુરતને રજૂઆત કરી હતી. તેઓએ એકમ કસોટી બાબત કલેકટરશ્રી - સુરતને મળવાનું કહેતા આપણા સ્થાપકશ્રી રાજેશભાઇ નાકરાણી, અધ્યક્ષશ્રી ડૉ. દિપક રાજ્યગુરુ અને પ્રમુખશ્રી સવજીભાઇ હુણે કલેકટરશ્રીને રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવી હતી. મંડળ વતી તમામ સભ્ય શાળાઓને એકમ કસોટી ન લેવા આદેશ કરવામાં આવેલ. જેનું તમામ શાળાઓએ પાલન કરી એકતા દર્શાવી હતી. માત્ર ત્રણ-ચાર શાળાઓએ મંડળના આદેશનું પાલન ન કરતા તેઓને મંડળ દ્વારા નોટીસ આપી ખુલાસો કરવા જણાવવામાં આવ્યું હતું.

## બોર્ડની મતદારયાદીમાં નામ નોંધણી અંગે — તા.૭-૮-૨૦૨૦

બોર્ડની સામાન્ય ચૂંટણીની મતદાર યાદી તૈયાર કરવા બાબત બોર્ડના તા.૭-૮-૨૦૨૦ના પરિપત્ર મુજબ તા.૧૩-૮-૨૦૨૦ થી ૨૯-૮-૨૦૨૦ સુધીમાં ખૂબ જ ટૂંકાગાળામાં નિયત મતદાર નોંધણી પત્રકો મેળવી, યોગ્ય રીતે ભરાયેલ નોંધણી પત્રકો અને તેની સાથે જોડવાના આધારો સાથે ફોર્મ જમા કરાવવાના હતા. આથી તા.૧૨-૮-૨૦૨૦ ના રોજ જન્માષ્ટમીના પાવન દિવસે ડી.ડી. રાદડિયા વિદ્યાલય, આંબાતલાવડી, સુરત ખાતે ચુંટણી કાર્યાલય શરૂ કરી તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી. દરેક શાળામાંથી સંચાલક સંવર્ગ, આચાર્ય સંવર્ગ અને વાલી સંવર્ગના ફોર્મ ફરજીયાત ભરાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાર્યમાં તમામ ઝોનલ સેક્રેટરીશ્રીઓએ ખૂબ જ મહેનત કરી ૧૦૦% કામગીરી પૂર્ણ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. જે બદલ સૌ ઝોનલ સેક્રેટરીશ્રીઓનો મંડળ વતી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત દ્વારા ગુજરાત સરકારના શૈક્ષણિક વિભાગ અને અન્ય વહીવટી વિભાગમાં થયેલ રજૂઆત અને આવેદન

તા. ૭-૧૧-૨૦૧૯ : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને રજૂઆત. સ્વનિર્ભર શાળાઓના નીચેના પ્રશ્નો અંગે બોર્ડને લેખિત રજૂઆત કરવામાં આવી.

(૧) જે શાળાઓને બોર્ડની પરીક્ષાના કેન્દ્રો ફાળવેલ છે તે કેન્દ્ર પર થયેલ સ્ટેશનરી ખર્ચની વ્યાજબી/યોગ્ય રકમ મળવી જોઈએ. આ રકમ શાળાઓને સમયસર ચૂકવી આપવી.

(૨) બોર્ડની ચૂંટણી માટે મતદાર યાદીમાં નામ નોંધણી ઓનલાઈન કરવાની વ્યવસ્થા કરવી.

(૩) બોર્ડના વાર્ષિક કેલેન્ડર બનાવનાર સમિતિમાં સ્વનિર્ભર શાળાના સંચાલક મંડળોનું પ્રતિનિધિત્વ મળે તે અંગેની રજૂઆત કરવામાં આવી.

(૪) જાહેર પરીક્ષાઓના પરિણામ પુસ્તિકામાં સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓના રીઝલ્ટનું વર્ગીકરણ કરવું. જેથી દરેક કેટેગરીની શાળાઓના રીઝલ્ટને આધારે યોગ્ય મૂલ્યાંકન અને સુધારો કરી શકાય.

(૫) બોર્ડના પેપર ચકાસણીના કાર્યમાંથી આચાર્ય અને સુપરવાઈઝરને બાકાર રાખવા.

(૬) ધો.૧૦ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં ભાષાંતર ગુજરાતીમાં કરી શકાય તેવો વિકલ્પ આપવો.

(૭) એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા માર્ચ-૨૦૨૦માં વિદ્યાર્થીઓની હોલ-ટીકીટ પ્રિન્ટીંગ ખર્ચ શાળાઓને વિદ્યાર્થી દીઠ ચૂકવવા બાબત.

તા.૭-૧૧-૨૦૧૯ : શિક્ષણ સચિવશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને સ્વનિર્ભર શાળાઓના વિવિધ પ્રશ્નો બાબત રજૂઆત.

(૧) વિદ્યામાન શાળાઓ બાબત સ્કૂલ બિલ્ડીંગનો પ્લાન મંજુર નથી. મેદાનની સુવિધા ઉભી કરી શકાય તેમ નથી. આથી અગાઉ સરકારશ્રી તરફથી શાળાને માન્યતા પ્રમાણપત્ર મળેલ છે. જેને માન્ય રાખી કાયમી પ્રમાણપત્ર આપવું.

(૨) રહેણાંક વિસ્તારમાં અગાઉ શાળાઓને મંજુરી આપેલ છે. જેને માન્ય રાખવી.

(૩) હાલમાં કોઈ સ્ટ્રક્ચરલ એન્જિનીયર સ્ટેબીલીટી સર્ટિ. આપવા તૈયાર નથી. આથી સરકારશ્રીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા સ્કૂલ બિલ્ડીંગની ચકાસણી કરી સ્ટેબીલીટી સર્ટિ. આપે તેવી વ્યવસ્થા કરવી.

(૪) જુની શાળાઓના વર્ગ વધારા અંગે નોટીફીકેશનનું ખોટું અર્થઘટન કરી તમામ શાળાઓના વર્ગ વધારા નામંજુર કરવામાં આવેલ છે. આથી જે તે વિસ્તારની વસ્તીને આધારે વર્ગ વધારાની જરૂરિયાત ઉભી થતી હોય છે ત્યારે બાળકોના હિતને ધ્યાને લઈ શાળાઓને વર્ગવધારાની મંજુરી આપવી. (ઉપરોક્ત ચારેય રજૂઆત સુરત શહેરના તમામ ધારાસભ્યશ્રીઓને પણ કરવામાં આવેલ છે.)

(૫) શાળા પર થતાં હુમલામાં શાળાના કર્મચારીઓના સંરક્ષણ માટે યોગ્ય નીતિ ઘડવી.

(૬) નવી પ્રાથમિક શાળાની મંજુરી અંગે ૨૫,૦૦૦/- અરજી ફી લેવામાં આવે છે, તે નામંજુર થયેલ શાળાને વહીવટી ખર્ચ બાદ કરી બાકીની રકમ પરત કરવી અથવા ફરીવાર અરજી કરે ત્યારે અરજી ફી મજરે આપવી.

(૭) DL.Ed. સીસ્ટમ લંબાવવામાં આવે. હજુ પણ શાળાઓમાં ટ્રેઈન્ડ શિક્ષકોની ઘટ હોવાથી વંચિત રહી ગયેલ હોય તેવા શિક્ષકો માટે DL.Ed. પાર્ટ-ટાઈમ ડીગ્રી સર્ટિફિકેટ કોર્ષની મુદત ૧ વર્ષ લંબાવવામાં આવે.

(૮) વાલી સધ્ધર હોવાના પુરાવા આપવા છતાં ખોટી રીતે આઈ.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવનાર વાલીઓ સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી.

(૯) માધ્યમિક વિભાગની જેમ પ્રાથમિક વિભાગમાં પણ ગુજરાતી માધ્યમની શાળાને અંગ્રેજી માધ્યમનો વર્ગ વધારો આપવો જોઈએ.

**FRC માં કરેલ રજૂઆત :**

(૧) FRC દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રોવિઝનલ ઓર્ડર ખુબ જ મોડા આપવામાં આવેલ. જેથી તેનું અમલીકરણ કરવું અશક્ય હોય શાળા શરૂ થતાં પહેલાં ઓર્ડર મળી જવા જોઈએ. તેમ ન થવાથી અને વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રોવિઝનલ ઓર્ડરમાં કોઈપણ શાળાને ફી વધારો આપવામાં આવેલ ન હોવાથી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે ૨૫૦ જેટલા સભ્યોને હાજર રાખી FRC ચેરમેનશ્રીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી. ચેરમેનશ્રી સાથે થયેલ ચર્ચા મુજબ દરખાસ્ત કરનાર શાળાઓને ૭% જેટલો વધારો મંજુર કરવા સહમતિ આપવામાં આવેલ. આથી મંડળની સભ્ય શાળાઓ ૭% ફી વધારા માટે સહમતિ આપે તો ફાયનલ ઓર્ડર આપી દેવા અંગે જણાવવામાં આવ્યું. આમ તમામ સભ્યોને હિયરીંગ બાદ ફાયનલ ઓર્ડર મેળવવામાં સરળતા ઉભી થઈ હતી.

(૨) FRC દ્વારા ૦% ફી વધારા સાથે પ્રોવિઝનલ ઓર્ડર કરવાથી સુરત ઝોનની કામગીરી શંકાસ્પદ જણાતા આ અંગે શિક્ષણમંત્રીશ્રીને મંડળ દ્વારા ફરીયાદ કરવામાં આવી.

**શિક્ષણમંત્રીશ્રીને રજૂઆત :**

(૧) FRC સુરત ઝોન દ્વારા ફી મંજુરીના ફાયનલ ઓર્ડરમાં સત્ર ફી / દાખલ ફી અંગે વિસંગતા ભર્યા જવાબો મળવાથી આ અંગેની રજૂઆત શિક્ષણમંત્રીશ્રીને કરવામાં આવી.

(૨) વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રોવિઝનલ ઓર્ડરમાં કોઈપણ શાળાને ફી વધારો બિલકુલ આપવામાં આવેલ ન હોવાથી FRCની શંકાસ્પદ ભૂમિકા અંગે શિક્ષણમંત્રીને અવગત કરવામાં આવ્યા.

(૩) RTE ફી રીએમ્બર્સમેન્ટ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાનું પાલન કરવા તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધીની બાકી નીકળતી ફી રીએમ્બર્સમેન્ટ પેટે ચૂકવી આપવા રજૂઆત કરવામાં આવી.

(૪) કોવિડ-૧૯ની મહામારીને કારણે સુરતમાં સંક્રમણની પરિસ્થિતિ જોતાં એકમ કસોટી રદ કરવા રજૂઆત કરવામાં આવી. વધુમાં સ્વનિર્ભર શાળાઓમાં ઉચ્ચ ગુણવત્તા ઉક્ત શિક્ષણ અને પરિક્ષણકાર્ય થતું હોવાથી સરકારી એકમ કસોટી માટે સ્વનિર્ભર શાળાઓને જોડવી યોગ્ય નથી તેમ જણાવવામાં આવ્યું. ફી માફી અંગેના રાજ્ય સરકારના તા.૧૬-૭-૨૦૨૦ના ઠરાવના વિરોધમાં ઓનલાઈન એજ્યુકેશન બંધ કરી એકમ કસોટીનો વિરોધ કરવામાં આવ્યો. જેમાં સુરત શહેર અને જિલ્લાની તમામ શાળાઓ (અપવાદ બાદ કરતાં) નો સંપૂર્ણ સહયોગ રહ્યો.

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજૂઆત :**

(૧) જાતિ પ્રમાણપત્રો આપવા બાબત :- જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના તા.૧૪-૧૧-૨૦૧૯ ના પરિપત્રથી સુરત શહેરની તમામ શાળાઓમાં ધો.૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા જણાવેલ. જાતિના પ્રમાણપત્રો આપવાનું કામ જિલ્લા નિયામક (વિકસતી જાતિ)ની કચેરીના કર્મચારીએ કરવાનું છે તે કામ શાળાના શિક્ષકો/આચાર્ય પાસે કરાવવામાં આવતું હોવાથી, તેની ગંભીર અસર શાળામાં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણ પર પડે તેમ હોવાથી, મંડળ દ્વારા તેનો વિરોધ નોંધાવવામાં આવ્યો અને શાળા દ્વારા માત્ર વાલીઓની દરખાસ્ત મેળવી, બોનોફાઈડ સર્ટિ. આપી. આવેલ દરખાસ્તની ફાઈલ એસ.વી.એસ. કક્ષાએ જમા કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. બાકીની તમામ કામગીરી જિલ્લા નિયામક (વિકસતી જાતિ)ની કચેરીના કર્મચારીઓએ કરવાનું રહેશે.

(૨) વર્ષ ૨૦૧૯-૨૦ માં સુરતની વિવિધ ખાનગી શાળાઓમાં ધો.૧ માં RTE-2019 અંતર્ગત DEO કચેરીના માધ્યમથી ૨૫% ની જોગવાઈ મુજબ પ્રવેશ કાર્યવાહી કરવામાં આવેલ હતી. પરંતુ પ્રતિષ્ઠિત શાળાઓમાં પ્રવેશ મેળવવા વાલીઓ દ્વારા અનેક સાચા ખોટા રસ્તાઓ અપનાવી પ્રવેશ મેળવી લીધેલ છે. આથી આવા પ્રવેશકાર્ય મેળવનારા દસ્તાવેજોની ચકાસણી કરી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું.

(૩) RTI હેઠળ માહિતી આપવા બાબત : અમારા મંડળની તમામ સભ્ય શાળાઓ સ્વનિર્ભર શાળાઓ હોઈ સરકારશ્રી પાસેથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ લેવામાં આવતી નથી. આથી સદર શાળાઓ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ ૨ (ક)(૧) અને (૨)માં આપેલ વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ નથી. આથી આપની કચેરીના રેકોર્ડ પર રહેલી અમારી શાળાઓની ખાનગી માહિતી કલમ ૧૧(૧) અને ૭(૭) મુજબ અમારી લેખિત મંજુરી વિના આપવી નહીં તેવી મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી.

(૪) લોકડાઉન સમય દરમ્યાન વહિવટી કામગીરી માટે દબાણ નહીં કરવા અંગે : જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના આદેશથી એસ.વી.એસ./સી.આર.સી. કક્ષાએથી લોકડાઉન પિરિયડ દરમિયાન આધાર ડાયસની કામગીરી પૂર્ણ કરવા, વાર્ષિક પરિણામ જાહેર કરવા તેમજ અન્ય વહિવટી કામગીરી કરવા શાળાઓને મેસેજ કરી દબાણ કરવામાં આવતું હતું. આથી મંડળ દ્વારા આવા વહિવટી કાર્યો લોકડાઉન પૂર્ણ ન થાય ત્યાં સુધી કરી શકાશે નહીં. આથી કોઇ શાળાને આ બાબત દબાણ કરવામાં ન આવે તેવી રજૂઆત કરવામાં આવી.

(૫) DEO કચેરીની વેબસાઈટ ચાલુ કરવા અંગે : DEO કચેરીની વેબસાઇટના માધ્યમથી રોજેરોજના પરિપત્રો અંગે તમામ શાળાઓને જરૂરી માહિતી તાત્કાલિક મળી શકતી હતી. પરંતુ તા.૨૬-૩-૨૦૨૦ થી કચેરીની વેબસાઈટ બંધ કરી દીધેલ હોવાથી, લોકડાઉન સમય દરમિયાન જરૂરી પત્રવ્યવહારની કામગીરી ખોરવાઈ જવાથી અનેક મુશ્કેલીઓ થતી હતી. આથી DEO કચેરીની વેબસાઇટ ઝડપથી શરૂ કરવા અંગે મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી.

(૬) RTE ફી બાબત : ખાનગી શાળાઓમાં RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી સરકારશ્રી તરફથી સમયસર મળતી ન હોવાથી, મંડળ દ્વારા આ ફી સમયસર ચૂકવી આપવા અંગે DEO શ્રીને તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને રજૂઆત કરવામાં આવી.

(૭) મતદાર નોંધણી માટેના અરજીપત્રકો આપવાની મુદત વધારવા બાબત : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની મતદાર યાદીમાં નામ નોંધણી માટેના અરજીપત્રકો આપવાનો સમય વધારી આપવા રજૂઆત કરવામાં આવી. જેથી બે દિવસનો મુદત વધારો કરી આપવામાં આવ્યો હતો.

## સન્માન અભિવાદન

### (૧) શ્રી દિનેશભાઈ નાવડિયા (તા.૬-૮-૨૦૨૦)

આપણા મંડળના સભ્યશ્રી દિનેશભાઈ નાવડિયાની સાઉથ ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (SGCCI)ના કાર્યકારી પ્રમુખ તરીકે નિમણુક થઇ છે જે આપણા માટે ગૌરવની વાત છે. મંડળ વતી શ્રી રાજેશભાઈ નાકરાણી, ડૉ. દિપકભાઇ રાજ્યગુરુ, શ્રી સવજીભાઇ હુણ, શ્રી હિતેન્દ્રભાઇ ચુડાવાળા અને શ્રી નટુભાઇ કારિયાએ ઉપસ્થિત રહી તેમનું સન્માન કરવામાં આવ્યું.

### (૨) શ્રી સી.આર. પાટીલ (તા.૮-૮-૨૦૨૦)

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત દ્વારા નવનિયુક્ત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલનો અભિવાદન સમારોહ એલ.પી. સવાણી એકેડમી, વેસુ ખાતે યોજવામાં આવ્યો. સન્માનનો પ્રતિભાવ આપતા સી.આર. પાટીલે જણાવ્યું કે સુરત અને દક્ષિણ ગુજરાતની જનતાનો વિશ્વાસ અને પ્રેમ થકી આ પદની જવાબદારી મને સોંપી છે. તેમણે વધુમાં આત્મનિર્ભર શાળાઓની પરિણામલક્ષી પ્રગતિનો ઉલ્લેખ કરી, સૌને બિરદાવવા કહ્યું કે છેલ્લા કેટલાય વર્ષથી સુરત અને દક્ષિણ ગુજરાતની શિક્ષણની ક્ષિતિજો વિસ્તરી છે. તેમાં સ્વનિર્ભર શાળાઓની મુખ્ય ભૂમિકા છે. સંગાથ અને સંગઠન થકી દેશ આત્મનિર્ભર બનશે. અંતે ખાતરી આપી હતી કે સ્વનિર્ભર શાળાઓને જ્યારે પણ જરૂર પડે મારા દ્વારા ખુલ્લા છે, બનતી તમામ મદદ કરીશું. સ્વાગત પ્રવચન પ્રમુખ સવજીભાઇ હુણે કર્યુ હતું અને સંચાલન ડૉ. દિપક રાજ્યગુરુએ કર્યુ હતું. આભારવિધિ એકઝીક્યુટીવ હિતેન્દ્ર ચુડાવાળાએ કરી હતી. કાર્યક્રમનું સૌજન્ય એલ.પી. સવાણી એકેડમી, વેસુ દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું.

### (૩) ડૉ. દિપકકુમાર દરજી (તા.૯-૯-૨૦૨૦)

સુરતના નવનિયુક્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ડૉ. દિપકકુમાર દરજીનો આવકાર અભિવાદન સમારોહ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરતના અધ્યક્ષ સ્થાને તા.૯-૯-૨૦૨૦ના રોજ મૌની ઈન્ટરનેશનલ સ્કૂલ, ઉત્રાણ, સુરત ખાતે યોજવામાં આવ્યો. મુખ્ય મહેમાન તરીકે શ્રી સુકદેવસિંહ વાંસિયા (પ્રમુખ, શાળા સંચાલક મંડળ, સુરત (ગ્રામ્ય)), શ્રી કાનજીભાઇ ભાલાળા (ચીફ વોર્ડન, સુરત, સિવિલ ડિફેન્સ - નાગરિક સંરક્ષણ દળ), શ્રી હરિભાઈ કથિરીયા (પ્રમુખ, લોકસમર્પણ બ્લડ બેન્ક) ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન પ્રમુખશ્રી સવજીભાઇ હુણે કર્યુ હતું. ડૉ. દિપકકુમાર દરજીનો પરિચય અધ્યક્ષશ્રી ડૉ. દિપકભાઇ રાજ્યગુરુએ આપ્યો હતો અને આભાર વિધિ મંત્રીશ્રી આનંદભાઇ જીંજાળાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સૌજન્ય બદલ મૌની ઈન્ટરનેશનલ સ્કૂલનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**શ્રી આનંદ જીંજાળા**
મંત્રીશ્રી
સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત

# અખબારની નજરે...

## સુરતમાં શિક્ષકોને ઘરે-ઘરે પ્રશ્નપત્રો પહોંચાડવાની કામગીરી સોંપવી જોખમી

(પ્રતિનિધિ દ્વારા) સુરત સોમવાર

સુરત માં કોરોનાનું સંક્રમણ પીક પર છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઘરે ઘરે જઈને પ્રશ્નપત્રો પહોંચાડીને પરીક્ષા લેવાની તૈયારી ચાલી રહી છે ત્યારે આ પરીક્ષા રદ કરવા સ્કૂલોના સંચાલકોએ માંગણી કરી છે. તેમજ તેઓ શિક્ષકોને આવી જોખમી કામગીરી સોંપવા તૈયાર નથી તેમ પણ સ્પષ્ટ જણાવી દીધું છે.

### સ્કૂલ સંચાલકોએ આ કામગીરી સોંપવા ઈન્કાર કરી શિક્ષણ વિભાગને ૨૯ જુલાઈથી શરૂ થતી કસોટી રદ કરવા રજૂઆત કરી

કોરોના ના હાહાકાર વચ્ચે બધી જ પરિક્ષાઓ રદ કરી દેવાઈ છે. તો કોઈ પરીક્ષા લબાવી દેવાઈ છે. ત્યારે ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા આગામી ૨૯ અને ૩૦ મી જુલાઈથી પ્રાથમિક શાળામાં સામયિક મૂલ્યાંકન કસોટી તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં એકમ કસોટી લેવાનું આયોજન કરાયું છે. આ આયોજન નો સુરત શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે વિરોધ કરી ને એકમ કસોટી કે મૂલ્યાંકન કસોટી રદ કરવા માંગ કરી છે.

સંચાલક મંડળે શિક્ષણ વિભાગને પત્ર લખી ને જણાવ્યું છે કે સુરતમાં કોરોના પીક પર છે. અને સમગ્ર વહીવટી તંત્ર તેને કન્ટ્રોલ કરવાના કાર્યમાં જોડાયેલું છે. ત્યારે વિદ્યાર્થીઓને ઘરે ઘરે જઈને પ્રશ્નપત્રો પહોંચાડવાનું કાર્ય જોખમી છે. તથા કોરોના સંક્રમણનો ભોગ બનવાની શક્યતાઓ રહેલી છે. આથી સ્વનિર્ભર શાળાના શિક્ષકોને આવી જોખમી અને જીવલેણ કામગીરી સોંપવા અમે તૈયાર નથી. મંડળે અલગ અલગ મુદ્દે શા માટે કસોટી કે મૂલ્યાંકન રદ કરવી જોઈએ તેની વિગતો રજૂ કરી કસોટી રદ કરવા માંગ કરી છે.

**કસોટી રદ કરવા આ કારણો અપાયા**

(૧) હાલમાં સુરતમાંથી ૫૦૦ જેટલી ટ્રેનો દ્વારા ૧૨ લાખ જેટલા અન્ય રાજ્યના લોકોને પોતાના વતનમાં મોકલી અપાયા છે. જેમના બાળકો હાલ સુરતમાં નથી.

(૨) સુરતમાં કોરોના સંક્રમણની માત્રા વધુ હોય હીરા, ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા ૯ લાખ જેટલા લોકો સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતમાં પોતાના વતન ગયા છે તે પરત આવ્યા નથી. આથી તેઓના બાળકો પણ હાલ સુરતમાં ઉપસ્થિત નથી.

(૩) કેટલાંક વાલીઓ હોમ લર્નિંગનો વિરોધ કરતાં હોવાથી તેઓના બાળકો ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા નથી.

(૪) લોક ડાઉનને કારણે વાલીઓ આ થક મુશ્કેલીને કારણે જુન માસની ફી ભરતા નથી. આથી શાળાના કર્મચારીઓને પગાર ચૂકવવાની મુશ્કેલી પણ ઉભી થઈ છે.

**સુરતમાં હીરા બજાર**

(છેલ્લા પાનાથી ચાલુ)

ધમધમતાં થાય તેવું સરકાર ઈચ્છી રહી છે પરંતુ સાથે સાથે લોકોની સલામતી પણ અગત્યની છે અને તેના કારણે જ હીરા બજાર તથા કારખાનામાં સોશયલ ડિસ્ટન્સ અને માસ્ક ફરજ્યાત રહેશે તથા કોવિડની ગાઈડ લાઈનનો ફરજ્યાત અમલ કરવાનો રહેશે. રાજ્ય સરકાર હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગ માટે ગાઈડ લાઈન બનાવી રહી છે તે ગાઈડ લાઈન આગામી ૨૪ કલાકમાં જાહેર કરવામા આવશે તે ગાઈડ લાઈન મુજબ કામગીરી શરૂ થશે.

---

શનિવાર, તા. ૫ ઓક્ટોબર, ૨૦૧૯

### વિરોધને પગલે સરકારે નિયમો હળવા કર્યા

## નવી માધ્યમિક શાળા માટે માલિકીનું મેદાન હવે ફરજીયાત નહીં:ભાડાનું મેદાન પણ ચાલશે

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે ૨૦૧૮માં નવી માધ્યમિક સ્કૂલ શરૂ કરવા માટે ગુજરાત શિક્ષણ બોર્ડના વિનિયમોમાં ફેરફાર કરીને માલિકીનું મેદાન ફરજીયાત હોવાની જોગવાઈ કરી હતી.પરંતુ આ નિયમ સામે વિરોધ થતા અને સ્કૂલ સંચાલકોનું દબાણ આવતા અંતે શિક્ષણ વિભાગે નવા નિયમોમાં મોટો સુધારો કર્યો છે અને જે મુજબ હવે અગાઉની જેમ ભાડાના મકાન અને મેદાનમાં પણ સ્કૂલ શરૂ કરી શકાશે,નવી માધ્યમિક શાળા માટે હવે માલિકીનું મકાન અને મેદાન હોવુ જરૂરી નથી.

### સ્કૂલ સંચાલકોના દબાણ બાદ સરકારે એક જ વર્ષમાં નિયમો બદલ્યા: શહેરી વિસ્તાર માટે ખુલ્લી જમીન ૧૨૦૦ ચો.મી.થી ઘટાડી ૮૦૦ ચો.મી.કરાઈ

સરકારે ગત ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ નવો ઠરાવ કરી જોગવાઈ કરી હતી કે નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં શરૂ કરવા માંગતી હોય તો શાળાના મકાનના બાંધકામ માટે જરૂર જમીન બાદ કરતા રમત ગમત મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં ઓછી ૧૨૦૦ ચોરસ મીટર જગ્યા ખુલ્લી હોવી જોઈએ. જ્યારે ગ્રામ્ય વિસ્તાર માટે શાળાના મકાન માટે જરૂરી જમીન બાદ કરતા રમતના મેતાન માટે ઓછામા ઓછી ૨૦૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી હોવી જોઈએ. રમતના મેદાન માટે જમીન શાળા મંડળની માલિકીની જ ફરજીયાત હોવી જોઈએ.આમ આ જોગવાઈ સામે રાજ્ય ભરના સંચાલકોમાં વિરોધ થયો હતો અને ખાસ કરીને અમદાવાદમાં મોટી સ્કૂલો ધરાવતા સંચાલકો કે જેઓની પાસે પોતાની માલિકીના મેદાન નથી તેઓ દ્વારા સરકાર પણ દબાણ કરાયુ હતુ અને ખાસ કરીને રાજકીય દબાણને પગલે અંતે સરકારે નવી સ્કૂલ માટેના નિયમોમાં મોટા ફેરફાર કર્યા છે.સંચાલકોની રજૂઆત હતી કે હાલના સમયમાં શહેરી વિસ્તારમાં રમતના મેદાન માટે ૧૨૦૦ચોરસ મીટર જમીન ખુલ્લી મળવી ખૂબ જ મુશ્કેલ છે.જેને પગલે સરકારે નિયમોમાં ફરી ફેરફાર કર્યો છે અને નિયમો હળવા કરતા મોટો સુધોર કર્યો છે.જે મુજબ હવે નવી સ્કૂલ માટે ટ્રસ્ટની માલિકીનું મકાન અને મેદાન હોવુ ફરજીયાત નથી.ભાડેથી મેદાન લેવાની જોગવાઈ કરવામા આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન હોવી જોઈએ અને ભાડાપટ્ટો ૧૫ વર્ષનો હોવો જોઈએ. ભાડા કરાર રજિસ્ટર્ડ હોવો જોઈએ.જ્યારે શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતા ટ્રસ્ટ મકાનનો વિસ્તાર,પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જિનની જમીન બાદ કર્યા બાદ રમતના મેદાન માટે મિનિમમ ૮૦૦ ચોરસ મીટર ખુલ્લી જગ્યા રાખવાની રહેશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં રમતના મેદાન માટે ૧૫૦૦ ચોરસમીટર ખુલ્લી જમીન રાખવાની રહેશે.

ચેરીટી કમિશનરની પરવાનગી અને શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમિયાન મેદાનનો કોઈ પણ અન્ય ઉપગોય ન થવો જોઈએ.જો ભાડા કરારની મુદત દરમિયાન કોઈ ફેરફાર થશે તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થશે. જે તે જમીન કે મિલકતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઈએ જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને એન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલકતના હકમ કોઈ પણ ફેરફારની મંજૂરી આપવામા આવશે. મેદાન અને મકાન માટે માલિકીની જમીન અને ભાડાના મકાનના આ ફેરફાર સિવાય પાર્કિંગ અને વધુ વિદ્યાર્થીની સ્થિતિમાં જમીન રાખવા બાબતની જોગવાઈઓમાં કોઈ ફેરફાર કરાયો નથી.જે મુજબ નવા ઠરાવમા પણ ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામા તો દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી જગ્યા રમતગમત માટે ખુલ્લી રાખવી પડશે અને જીડીસીઆર-૨૦૧૭ની જે જોગવાઈ શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે કરેલી છે તે જોગવાઈ મુજબનું પાર્કિંગ ફરજીયાત હોવુ જોઈએ.

---

## કોરોના ઈફેક્ટ: શિક્ષકો પ્રશ્નપત્ર ઘરે આપવા તૈયાર નથી, પરીક્ષા રદ કરો

### શિક્ષકોના સ્વાસ્થ્યને લઈ શાળા સંચાલક મંડળની રજૂઆત

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

કોરોનાની મહામારી પીક પર છે ત્યારે શિક્ષકો પાસે ઘરે ઘરે જઇને પ્રશ્નપત્ર પહોંચાડવાની કામગીરી જોખમી હોવાથી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ આ કામગીરી સોંપવા તૈયાર ન હોય પરીક્ષા રદ કરવાની માંગ સાથે શિક્ષણ વિભાગમાં રજૂઆત કરી છે.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે ગાંધીનગર શિક્ષણ વિભાગમાં રજુઆત કરી કે, આગામી તા.29 અને 30 જુલાઈ દરમિયાન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સામાયિક મૂલ્યાંકન કસોટી તેમજ માધ્યમિક અને ઉ.મા. શાળાના વિદ્યાર્થીઓની કસોટીનું આયોજન કરાયું છે. પરંતુ હાલમાં કોવિડ-19નું સંક્રમણ પીક પર છે ત્યારે વિદ્યાર્થીઓના ઘરે ઘરે જઈને પ્રશ્નપત્રો પહોંચાડવાનું કાર્ય જોખમી છે. સ્વનિર્ભર શાળાના શિક્ષકોને આવી જોખમી અને જીવલેણ કામગીરી સોંપવા સ્વનિર્ભર શાળાઓનું સંચાલક મંડળ તૈયાર નથી. હાલમાં સુરતમાંથી અન્ય રાજ્યના 12 લાખ લોકો વતન ગયા છે. સુરતમાં કોરોના સંક્રમણની માત્રા વધુ હોય હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગો સાથે જોડાયેલા 9 લાખ લોકો સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતમાં પોતાના વતનમાં ગયા છે. કેટલાક વાલીઓ હોમ લર્નીંગનો વિરોધ કરતાં હોવાથી તેઓના બાળકો એજ્યુકેશન લઈ રહ્યાં નથી.

**વાલીઓ ફી ભરી ન શકતા પગાર ચૂકવવો મુશ્કેલ**

લોકડાઉનમાં આર્થિક મુશ્કેલીને કારણે વાલીઓ જુન માસની ફી ભરી શક્યા નથી. જેથી શાળાના કર્મચારીઓને પગાર ચૂકવવાની મુશ્કેલી ઉભી થઈ છે. આ કારણે સુરત શહેર અને જિલ્લામાં મૂલ્યાંકન એકમ કસોટી લઈ શકાય તેમ ન હોવાથી આ કસોટી રદ કરવામાં આવે તેવી માંગણી કરી છે.

**14 સુધી ખાનગી શાળાઓનું ઓનલાઇન શિક્ષણ બંધ**

કોરોનાનું શહેરમાં વધી રહેલા સંક્રમણ વચ્ચે શાળાએ ફરજ પર જતા કર્મચારીઓ અને શિક્ષકો પણ આ સંક્રમિત બની શકે તેમ છે. જેને ધ્યાને લઈને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે 8થી 14 જુલાઈ સુધી શાળાઓ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ દિવસ દરમિયાન શિક્ષકો અને સ્ટાફને રજા આપાઈ હોવાથી ઓનલાઈન શિક્ષણ પણ બંધ રહેશે તેમ મંડળે જણાવ્યું છે.

---

### સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા અપમાનિત શબ્દો સામે વિરોધ

## બોર્ડ પરીક્ષામાં સ્વનિર્ભર શાળામાં સ્થળ સંચાલક ગ્રાન્ટેડના મૂકવાનો ફતવો

| સુરત |



માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાનારી ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષામાં સ્વનિર્ભર (નોન-ગ્રાન્ટેડ) શાળાઓમાં ગેરરીતિ થતી હોવાનો આક્ષેપ કરી આવી શાળાના સ્થળ સંચાલક તરીકે ગ્રાન્ટેડ શાળાના સરકારી આચાર્ય કે, સિનિયર શિક્ષકને મૂકવાના આદેશે ભડકો સર્જી દીધો છે. પરીક્ષા સચિવના આ પ્રકારના આદેશ સામે સ્વનિર્ભર શાળા સંચાલકોએ વિરોધ નોંધાવ્યો છે અને સુરતમાં જો એક પણ સંવેદનશીલ શાળા નહીં હોય તો આ અપમાનિત શબ્દપ્રયોગ સાથેનો પરિપત્ર પાછો ખેંચવા માંગ કરી છે.

આ ઘટનાને ગંભીર ગણતા સ્વનિર્ભર શાળા સંચાલકોએ આજે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી પરિપત્ર પાછો નહીં ખેંચાય તો સંચાલકો ફક્ત બિલ્ડિંગો આપશે અને સ્થળ સંચાલકથી માંડીને પટાવાળા સુધીનો સ્ટાફ સરકાર પોતે મોકલી આપે એવી ચીમકી આપી છે. આ મુદ્દે પરીક્ષા સચિવને ઉદ્દેશીને લખાયેલા પત્રની જિલ્લા શિક્ષણાધિકારીને કોપી સોંપતા સંચાલકોએ જણાવ્યું હતું કે, કોઈ શાળા સામે ફરિયાદ હોય તો તેનું કેન્દ્ર રદ્દ કરી દો પરંતુ જે શાળાઓ નિષ્ઠાપૂર્વક પરીક્ષા લે છે તેની સામે આંગળી ચીંધવી ઉચિત નથી.

વળી એક પણ શાળા સામે આ પ્રકારની ફરિયાદ મળી હોય તેની વિગત જાહેર કર્યા વિના કંઈ રીતે આક્ષેપો થાય એવો પ્રશ્ન કર્યો હતો. સાથે જ પ્રતિ વર્ષ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બોર્ડને રિપોર્ટ થાય છે તેમાં પણ આ પ્રકારની ગેરરીતિની માહિતી નથી. વળી, મોટા ભાગની શાળાઓમાં સી. સી. ટી.વી. કેમેરા ગોઠવાયેલા છે, આ સંજોગોમાં આક્ષેપો બે બુનિયાદ હોવાનું ગણાવાયું હતું. રજૂઆતમાં સ્થાપક રાજેશભાઈ નાકરાણી, અધ્યક્ષ દીપક રાજગુરુ, સવજીભાઈ હુણ ફકીરભાઈ ચૌહાણ, નટુભાઈ કારિયા તેમજ અન્ય સંચાલકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

---

### સુરતમાં કોરોનાની રફતાર વધતા સંચાલકમંડળનો નિર્ણય

## ૪૦૦ ખાનગી સ્કૂલોમાં તા.૮થી ૧૪ જુલાઈ વહીવટી કામ, ઓનલાઈન શિક્ષણ બંધ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, સોમવાર

સુરત શહેરમાં કોરોનાની જે રીતે રફતાર વધી રહી છે. તેને ધ્યાનમાં રાખીને સુરત શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળમાં સમાવિષ્ટ ૪૦૦ સ્કુલોમાં બુધવારથી એક અઠવાડિયા માટે સ્કુલો સંપૂર્ણ બંધ કરીને તેમજ ઓનલાઈન શિક્ષણ પણ બંધ કરી સરકારને મેસેજ અપાશે.

### ઓનલાઈન કસોટીનું આયોજન પડતું મુકવું જોઈએ તેવો સરકારને મેસેજ આપવા બુધવારથી નિર્ણયનો અમલ

સુરત શહેરમાં છેલ્લા ૧૦ દિવસથી કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા છે. આ કેસો વચ્ચે સ્કુલોમાં શૈક્ષણિક કાર્ય તો બંધ છે. પરંતુ સ્કુલો ચાલુ રખાઈ છે. અને શિક્ષકો આવીને ઓનલાઈન કે સ્ટડી મટીરીયલ્સ આપીને ભણાવી રહ્યા છે. પરંતુ જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે. તેને જોઈને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે આજે એક મહત્વનો નિર્ણય લીધો હતો.

મંડળના પ્રમુખ સવજી હુણના જણાવ્યા મુજબ સુરતમાં કોરોના સંક્રમણની સ્થિતિ ભયજનક લેવલે છે. આ પરિસ્થિતિમાં શાળાના કર્મચારી ઓનડયુટી સંક્રમણનો ભોગ બનવાની શકયતા રહેલી છે. આથી હાલની પરિસ્થિતિ જોતા સ્વનિર્ભર શાળાઓમાં તમામ વહીવટી કર્મચારીઓ તથા ઓનલાઈન એજયુકેશન સાથે જોડાયેલા શિક્ષકોને આગામી તા.૮ થી તા.૧૪ જુલાઈ એક સપ્તાહ સુધી વહીવટી ઓફિસ કાર્ય તથા ઓનલાઈન એજયુકેશન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણવિદ્દો જણાવે છે કે સરકારને એક મેસેજ આપ્યો છે કે કેસો વધવા છતા જે રીતે એકમ કસોટી કે મૂલ્યાંકન કસોટી લેવાનું આયોજન કર્યુ છે તે જોખમી છે અને કસોટીનું આયોજન પડતું મુકવું જોઈએ.

---

### ખાનગી શાળાઓ સાથે ભેદભાવયુક્ત વર્તન કરતી હોવાથી વિરોધ

## 600 ખાનગી શાળાઓ શિક્ષકોની હાજરી ડેટા ઓનલાઈન નહીં આપે

### સરકારી કામકાજમાં જોતરવા માટેનો આડકતરો પ્રયાસ કરાશે

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

શિક્ષણ વિભાગ વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોની ઓનલાઈન હાજરીનો રોજે રોજનો ડેટા માગીને શિક્ષકોને ચૂંટણીના કામકાજમાં લેવા માટેની માયાજાળ બનાવી રહી છે. જેને પગલે 600 ખાનગી શાળાઓના સંચાલકોએ શિક્ષકોની ઓનલાઈન હાજરી શિક્ષણ વિભાગને નહીં આપવાનો નિર્ણય લીધો છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રવક્તા દીપક રાજ્યગુરુએ કહ્યું કે, શિક્ષણ વિભાગ ખાનગી શાળાઓને શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ આચાર્ય સહિતના પુરસ્કારમાં સામેલ કરી રહી નથી. શિક્ષણ વિભાગ દરેક બાબતમાં ખાનગી શાળા સાથે ઓરમાયુ વર્તન કરે છે. વિભાગ સરકારી કામકાજમાં જોતરવા માટેનો આડકતરો પ્રયાસ કરે છે. શિક્ષકને સરકાર કોઈ પણ પ્રકારનું રક્ષણ, પગાર સહિતના લાભ નથી આપતી તો તેનો ડેટાનું શું કામ.

**રોજે રોજનો હાજરીનો ડેટા નહીં આપશે તો શું?**

ખાનગી શાળાના સંચાલકો શિક્ષકોનો રોજે રોજનો હાજરીનો ડેટા નહીં આપશે તો જિલ્લા શિક્ષણાધિકારી નોટીસ ફટકારશે. તે પછી ખાનગી શાળાના સંચાલકે 7 દિવસમાં તેનો ખુલાસો કરવો પડશે. જે ખૂલાસા પછી જિલ્લા શિક્ષણાધિકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.

**ખાનગી શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધારવી છે**

શિક્ષણ વિભાગના એક અધિકારીએ કહ્યું કે, ખાનગી શાળાના સંચાલકોએ શિક્ષકોને ઓછો પગાર ચૂકવવો પડે તે માટે ઓછી ડિગ્રીવાળા શિક્ષકોની ભરતી કરે છે. જેથી શિક્ષણની ગુણવત્તા બગડી હોઈ વાલીઓએ ફરિયાદ પણ કરી છે.

---

## સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનું રક્તદાન



કારગીલ વિજય દિવસ નિમિત્તે જય જવાન નાગરિક સમિતિ પ્રેરિત મેગા રક્તદાન કાર્યક્રમ પ્રસંગે કારગીલમાં શહીદ થયેલા ગુજરાતના ૪ વીરજવાનોના પરિવારનું સન્માન કરી સહયોગી સંસ્થા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા કારગીલ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી રકતદાન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ ડો.દીપક રાજ્યગુરુ, પ્રમુખ સવજી હુણ અને મંત્રી આનંદ જીંજાળા સહિત હોદ્દેદારોએ રકતદાન કરી વીરજવાનોને સલામી આપી હતી.

---

## ફી વધારા અંગે પુન: વિચારણા ન થાય તો દિવાળી બાદ સ્કૂલો શરૂ કરી શકાશે નહિ !

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

શાળાઓમાં ફીને લઈને વાલીઓ લડત ચલાવી રહયાં છે. ત્યારે આજે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ફી રેગ્યુલેશન કમિટી (એફઆરસી) સમક્ષ શાળાઓની ફીમાં વધારો કેમ ના મળી શકે ? તે બાબતે રજુઆત કરી હતી.

### વાલીઓની લડત વચ્ચે સ્વનિર્ભર શાળા સંચાલકોએ ફી કમિટી સમક્ષ રજૂઆત કરી આડકતરી ચીમકી આપતા ઘર્ષણના એંધાણ

એફઆરસીએ શાળાઓની ફી નક્કી કર્યા પછી ઘણી શાળાઓ વધારાની ફી લેતી હોવાથી વાલી મંડળ લડત ચલાવી રહયુ છે. આ લડતના પગલે કતારગામની ગર્જેરા સ્કુલને એફઆરસીએ રૂા.૫ લાખનો દંડ ફટકાર્યો હતો. આ કાર્યવાહી પછી પણ શાળા વધારાની ફી પરત આપતુ ના હોવાથી વાલીઓ લડત ચલાવી રહયાં છે. ત્યારે આજે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા એફઆરસી સમક્ષ ૧૬૯ શાળાઓની વર્ષ ૨૦૧૯-૨૦ની જે પ્રોવિઝનલ ફી જાહેર કરી છે. તે બાબતે રજુઆત કરી હતી.

શાળા સંચાલકોએ રજુઆત કરી હતી કે આ શાળાઓમાંથી કેટલીક શાળાઓની ગત વર્ષની ફાઈનલ ફી કરતા પણ ઓછી જાહેર કરી છે. તેમજ મોટાભાગની શાળાઓમાં ફીમાં કોઈ પણ વધારો મંજુર કરાયો નથી. જેથી શાળા સંચાલન માટે ગંભીર આર્થિક કટોકટી ઉભી થઈ રહી છે. શાળાઓમાં દર વર્ષે કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવતો હોય છે. આથી ફી વધારો કરવો જરૂરી છે. આ બાબતે પુન: વિચારણા કરી સુધારો વધારો કરવા માંગ કરાઈ હતી. સાથે જ આડકતરી રીતે ચીમકી આપી હતી કે જો ના થશે તો સંચાલકો ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરશે. આર્થિક મુશ્કેલીઓને કારણે આગામી સત્રથી શાળાઓ ખોલવી કે કેમ ? તેવી સમસ્યાઓ ઉભી થશે તો શાળાઓ શરૂ કરી શકીશું નહી.



**સુરત ઈન્કમટેક્સ કચેરી દ્વારા ૧૮મીએ ઓપન હાઉસ**

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

સીબીડીટીના નિર્દેશ મુજબ સુરત ઈન્કમ ટેક્સ કચેરી ખાતે આગામી તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૩૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન સુરતના કરદાતાઓ માટે વર્ષ-૨૦૧૯-૨૦ના પાંચમા ઓપન હાઉસનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જે દરમિયાન સુરતના કરદાતાઓ તથા તેમના પ્રતિનિધિ વ્યવસાયીઓ તેમના કરવેરા સંબંધી પ્રશ્નોના નિરાકરણ અને સુચનો કોઈપણ જાતની એપોઈન્ટમેન્ટ વગર મુખ્ય આવકવેરા કમિશ્નર શ્રીમતી સંગીતાસિંઘને તેમના કરવેરા સંબંધી પ્રશ્નો તથા સુચનો માટે મળી શકશે.

---

WWW.UTU.AC.IN



સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના
અધ્યક્ષ તરીકે ડૉ. દિપક રાજ્યગુરૂ,
પ્રમુખ તરીકે શ્રી સવજી હુણ તથા
મંત્રી તરીકે શ્રી આનંદ જીંજાળાની
વરણી થવા બદલ ઉકા તરસાડીયા યુનિવર્સિટી વતી
ખુબ ખુબ અભિનંદન...

UKA TARSADIA UNIVERSITY
ACCREDITED WITH B+ 2.74 GRADE BY NAAC, GOVT. OF INDIA

ગુજરાત ગાર્ડિયન | બુધવાર તા. ૭ ઓગસ્ટ ૨૦૧૯

# શાળાઓમાં પ્રથમ ચાર મહિના શિક્ષકોને ઓનલાઈન હાજરીમાં મુક્તિની માંગનો સ્વીકાર : ટાસ્કફોર્સ રચાશે

સુરત, તા.૬

રાજ્યની ખાનગી શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઇન હાજરી શાળા સંચાલકો માટે માથાનાં હોવાની વિગતો જાણવા મળી છે. આ ઉપરાંત શિક્ષણ વિભાગનાં સુચનને અનુસાર પ્રત્યેક ઝોન પ્રમાણે ટાસ્ક ફોર્સની રચના કરાશે અને ટાસ્ક ફોર્સની

## ઓનલાઈન હાજરી શાળા સંચાલકો માટે માંથાનો દુઃખાવો બન્યો હતો: ટાસ્કફોર્સની ટીમ ખાનગી શાળાઓમાં શિક્ષકની ગુણવત્તા સુધારવા માટેની કામગીરી કરશે

દુખાવા સમાન સાબિત થઈ છે, જે મુદ્દે શાળા સંચાલકો દ્વારા પ્રથમ ચાર મહિના સુધી શિક્ષકોને ઓનલાઇન હાજરીમાં મુક્ત રાખવાની માંગણીનો શિક્ષણ વિભાગ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો

ટીમ ખાનગી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેની કામગીરી કરશે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઓનલાઇન હાજરીનો નિયમ અમલી બનાવ્યો છે, જેમાં ખાનગી શાળાઓમાં શિક્ષકોને હાલ ઓનલાઇન મોબાઇલ એપ આધારીત હાજરી ભરવામાં સમસ્યા નડી રહી હોવાનાં મુદ્દે તાજેતરમાં ગુજરાતનાં સ્વિનર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા ખાસ બેઠકનું આયોજન કરાયું હતુ.

જેમાં ઓનલાઇન હાજરીમાં શિક્ષકો માટે 4 મહિના પછી રિવ્યુ કર્યા બાદ તેઓની હાજરી ભરવા, ટાસ્ક ફોર્સની રચનામાં સેલ્ફ ફાયનાન્સ શાળાનાં ૭ પ્રતિનીધીઓની નિમણૂંક કરવા, શિક્ષકો માટે ઓનલાઇન સર્ટીફિકેશન કોર્ષ અને શિક્ષકોને વિવધ સ્તરની ટ્રેનીંગ, તેમજ સરકારનાં એવોર્ડ સંબધીત યોજનામાં ખાનગી શાળાનાં શિક્ષકોને સામેલ કરવા સહિતની બાબતો અંગે શિક્ષણ સચીવને રજૂઆત કરવાનું નક્કી કરાયું હતુ. જે સંબધીત કરવામાં આવેલી રજૂઆતમાં શિક્ષણ સચીવએ પ્રાથમિક તબક્કે શિક્ષકોને ઓનલાઇન હાજરીમાં 4 મહિના માટે મુક્ત રાખવાનું નક્કી કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે મંડળનાં પ્રમુખ દિપક રાજ્યગુરુએ જણાવ્યુ હતુ કે સેલ્ફ ફાયનાન્સ શાળા દ્વારા શિક્ષણનાં સ્તરમાં સુધારા માટે સચીવ સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યા હતા. જેનો મહત્તમ સ્વીકાર કરવામાં આવ્યો છે.

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના નવા હોદ્દેદારોની વરણી કરાઇ



સુરત, તા. ૨૫

આજ રોજ તા.૨૫/૭/૨૦૧૯ ને શનિવારના રોજ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સુરતની ૧૨મી વાર્ષિક સાધારણ સભા સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન ખાતે મળી હતી. જેમાં આગામી સમય માટે નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી. અધ્યક્ષ તરીકે ડૉ. દિપક રાજયગુરુ, પ્રમુખ તરીકે સવજી હુણ, મંત્રી તરીકે આનંદ જીંજાળાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સંદેશ | SURAT | તા.૧૭/૧૧/૨૦૧૯

શાળા સંચાલક મંડળની જિલ્લા શિક્ષણાધીકારીને રજૂઆત

# બક્ષીપંચ દાખલાની વધારાની કામગીરી સોંપવામાં આવતાં શાળાઓમાં કચવાટ

## દાખલા માટેની દરખાસ્ત તૈયાર કરવાની જવાબદારી અપાઈ હતી

| સુરત |

સુરત સહિત રાજ્યભરની શાળાઓમાં હાલમાં ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડના રજિસ્ટ્રેશનની કામગીરી ચાલી રહી છે ત્યારે બક્ષીપંચના દાખલાની વધારાની કામગીરી ઠોકી બેસાડાતા શાળાઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. સમગ્ર પ્રકરણમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના હોદેદારોએ શનિવારે શિક્ષણાધિકારીને રૂબરૂમાં મળીને આ મુદ્દે રજૂઆત કરી હતી. તે સાથે જ શાળાઓને આ પ્રકારની બિનશૈક્ષણિક કામગીરી ન સોંપવામાં આવે એવી અરજ કરી હતી.

દર વર્ષે ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા બા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આપવાના પ્રમાણપત્રને લઈને ઊહાપોહ થાય છે. જોકે, સ્થાનિક તંત્ર અથવા તો સમાજ કલ્યાણ વિભાગની કચેરી દ્વારા કરવામાં આવતી આ કામગીરીમાં શાળાના આચાર્ય, શિક્ષકોને આવરી લેવાતા શાળાઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. ૧૪ નવેમ્બરના ગુરુવારના રોજ શિક્ષણાધિકારી કચેરીએ તમામ શાળાઓના આચાર્યોને અનુલક્ષીને પરિપત્ર જાહેર કર્યો હતો. જેમાં શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવાની કામગીરી કરવાનો ઉલ્લેખ કરવાની સાથે જ દરખાસ્ત તૈયાર કરીને સમાજ કલ્યાણ વિભાગની કચેરીમાં જમા કરાવવાની જવાબદારી પણ આચાર્યને સોંપી દેવાઈ હતી.

જોકે, તેને કારણે શાળામાં શિક્ષણકાર્ય પર માઠી અસર થવાની ભીતિ વ્યક્ત કરાઈ હોય શાળા સંચાલક મંડળે આ સંદર્ભે રજૂઆત કરવાની સાથે જ આરટીઈ એક્ટની જોગવાઈ ને આધીન શિક્ષકોને બિનશૈક્ષણિક કામમાં જોડી શકાય નહીં એવો મત આપ્યો હતો. તે સાથે જ મંડળ સાથે જોડાયેલી તમામ શાળાઓને આ કાર્ય ન કરવા અંગેના સંદેશા ફરતા કર્યા હતા.

શાળાઓમાં ડિમોલિશન અટકાવી વૈકલ્પિક વ્યવસ્થા કરવાની માંગ

# ફાયર સેફ્ટી વિવાદ : શાળા સંચાલકોની શિક્ષણમંત્રી, બોર્ડ સચિવને રૂબરૂ રજૂઆત

## નવું સત્ર શરૂ થાય એ પહેલાં યોગ્ય નિર્ણયની શિક્ષણમંત્રીની ખાતરી

| સુરત |

સુરતમાં તક્ષશિલા આગ દુર્ઘટના બાદ સફાળી જાગેલી સુરત મહાનગરપાલિકાએ હવે ફાયર સેફ્ટીને મુદ્દે કડકાઈ અપનાવી શાળાઓમાં ડિમોલિશન શરૂ કર્યું છે. જેને પગલે શાળાવર્તુળમાં ઊહાપોહ મચી ગયો છે. હવે ૧૦ જૂનથી શાળાઓમાં નવું સત્ર શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે આ પ્રકારે શાળાઓમાં તોડફોડને કારણે ઉઘડતી શાળાએ વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર થવાની ભીતિ વ્યક્ત કરાઈ રહી છે. એવામાં હવે શાળા સંચાલકોએ શિક્ષણમંત્રી, બોર્ડ સચિવને રૂબરૂ મળીને વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાની માંગ કરી છે.



સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરત દ્વારા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર લખીને સુરતની તમામ શાળાઓને ફાયર એનઓસી ન મળે ત્યાં સુધી શાળાઓ શરૂ કરી શકાશે નહીં એવી લેખિત રજૂઆત કરી હતી. ત્યાર બાદ મંગળવારે સંચાલક મંડળના હોદેદારો, પદાધિકારીઓએ ગાંધીનગર પહોંચી શિક્ષણમંત્રી ચુડાસમાને રૂબરૂમાં મળીને પોતાના પ્રશ્નો જણાવ્યા હતા. આ સિવાય તેઓ ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડના સચિવ દિનેશ પટેલને પણ મળ્યા હતા. દરમિયાન સંચાલકોએ રજૂઆત કરી હતી કે, શાળાના બિલ્ડિંગ પર આવેલા ડોમમાં ચાલતા વર્ગોનું ડિમોલિશન થતાં શાળાઓમાં વર્ગોની ઘટ થશે અને તેને કારણે ૨૫ હજાર વિદ્યાર્થીઓને બેસાડવામાં અસુવિધા ઊભી થશે. ફાયર એનઓસીની અટપટ પ્રક્રિયાને કારણે ૩ જ દિવસમાં એનઓસી મળી શકે એમ નથી. આમ, સંચાલકોની રજૂઆત સાંભળ્યા પછી શિક્ષણમંત્રીએ આગામી બે દિવસમાં અધિકારીઓ સાથે મળીને યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપી હતી.

# શાળાઓમાં ટ્રાફિક અવેરનેસ થકી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

સુરત : સુરતવાસીઓમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ આવે અને સભાનતા કેળવાય એ હેતુથી સુરત ટ્રાફિક પોલીસ દ્વારા 'આઈ ફોલો' અભિયાન છેડવામાં આવ્યું હતું. આઈ ફોલો અભિયાને હકારાત્મક પ્રતિસાદ સાંપડ્યા બાદ હવે સુરતની ૪૧૫ ખાનગી શાળામાં શનિવારે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજીને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવાનું બીડું ઝડપવામાં આવ્યું છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરત અને નાયબ પોલીસ કમિશનર કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઓનલાઈન કાર્યક્રમમાં પાંચ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવાશે.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના સ્થાપક રાજેશ નાકરાણી, અધ્યક્ષ ડો.દીપક રાજગુરુ, પ્રમુખ સવજી હુણ, મંત્રી આનંદ જીંજાળાએ જણાવ્યું હતું કે, હાલમાં કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મોટા પાયે જાહેર કાર્યક્રમ દ્વારા થઈ શકે એમ ન હોવાથી વિશિષ્ટ રીતે ઉજવણી કરવાનું નિર્ધારીત કરાયું છે. સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૬થી ૧૨ના અંદાજે પાંચ લાખ વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાના માધ્યમથી ઓનલાઈન રોડ સેફ્ટી અને સેઈફ ડ્રાઈવિંગ અંગે તાલીમ આપવામાં આવશે. લોકજાગૃતિનું આ કાર્ય કરી કોરોના મહામારીમાં ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ પ્રત્યે સન્માનભાવ પ્રગટ કરવામાં આવશે. સુરત શહેર નાયબ પોલીસ કમિશનર(ટ્રાફિક)ના પ્રશાંત સુંબેના માર્ગદર્શન હેઠળ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતની ૪૧૫ જેટલી સભ્ય શાળાઓમાં ૧૫ ઓગસ્ટના શનિવારે સવારે ૧૦ કલાકે ઓનલાઈન કાર્યક્રમનું આયોજન થશે.

Divyabhaskar

સંચાલકોના વિરોધ બાદ પરિપત્રમાં સુધારો

# બોર્ડની પરીક્ષામાં સ્ટાફની સંડોવણી મળી હોય તે ખાનગી શાળા હવે સરકાર સંભાળશે

## ગયા વર્ષે ઘણી શાળામાં ગેરરીતિના કેસ પકડાયા હતા

એજ્યુકેશન રિપોર્ટર. સુરત

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના રોષ બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે પરિપત્રને સુધારવાની ફરજ પડી છે. શિક્ષણ બોર્ડના નવા પરિપત્ર મુજબ જે પણ ખાનગી શાળામાં ગેરરીતિના સૌથી વધુ કેસ પકડાયા હોય અથવા તો સ્ટાફ સંડોવાયેલો મળી આવ્યો છે, તેવી ખાનગી શાળાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારી સરકારી કે ગ્રાન્ટેડ શાળાના આચાર્ય કે પછી શિક્ષકોને સોંપનારી છે.

રાજ્યના શિક્ષણ બોર્ડે પહેલા પરિપત્ર કર્યો હતો કે, પરીક્ષાના સારા સંચાલન માટે જિલ્લા કક્ષાએ પરીક્ષા સ્થળ તરીકે કેટલીક ખાનગી શાળાઓના બિલ્ડિંગનો ઉપયોગ કરાય રહ્યો છે. તેવામાં માર્ચ-2019ની પરીક્ષામાં ઘણી ખાનગી શાળાઓમાં ગેરીતિ થતા પરીક્ષા સમિતિના ઠરાવ મુજબ જો આવી ખાનગી શાળાઓની બિલ્ડિંગ લેવાની થાય તો પછી તે શાળાનું સંચાલન અને વહીવટી સ્ટાફની જવાબદારી સરકારી કે ગ્રાન્ટેડ સંસ્થાના આચાર્ય કે સિનિયર શિક્ષકોને સોપાશે. જોકે શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલી પરિપત્રમાં ગેરરીતિ કરનારી તમામ ખાનગી શાળા લખતા સ્વનિર્ભર શાળ સંચાલક મંડળે આ બાબતનો વિરોધ કરવાની સાથે જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન આપ્યું હતું. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના વિરોધ બાદ જિલ્લા શિક્ષણાધિકારીએ આવેદન રાજ્ય ના શિક્ષણ બોર્ડને મોકલતા તેમણે પરિપત્રમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી.

ત્રણ દિવસથી શિક્ષણ જગતના સળગતા પ્રશ્ને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનો નિર્ણય

# દ.ગુજ.ની ૧૬૦૦ ખાનગી શાળાઓમાં સોમવારથી ઓનલાઈન શિક્ષણ ફરી શરૂ

## જોકે, શાળામાં વહીવટી કામગીરી બંધ રાખવાનો અને એકમ કસોટી ન લેવાનો સૂર

| સુરત |

સુરતની ૧૨૦૦ સહિત દક્ષિણ ગુજરાતની ૧૬૦૦ ખાનગી શાળાઓમાં ગત ગુરુવારથી ઓનલાઈન શિક્ષણ અને વહીવટી કામગીરી બંધ રાખવાનું એલાન કરાતા ભારે ઉહાપોહ મચી ગયો હતો. સમગ્ર પ્રકરણમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા બાદ હવે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સાથે જોડાયેલી દક્ષિણ ગુજરાતની ૧૬૦૦ ખાનગી શાળાઓએ ફરીવાર સોમવારથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેમ છતાં શાળામાં વહીવટી કામગીરી બંધ રાખવાનો અને ૨૯-૩૦મીએ લેવાનારી એકમ કસોટી ન લેવાના મત સાથે રાજ્ય સરકારના ઠરાવ સામે પોતાનો વિરોધ નોંધાવશે.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા શનિવારે રાત્રિએ સત્તાવાર માહિતી સાથે જ સોમવારે ૨૭ જુલાઈથી ફરી એકવાર ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના હોદેદારોના જણાવ્યા મુજબ, ૨૩ જુલાઈના રોજ મહામંડળ દ્વારા સમગ્ર ગુજરાતની શાળાઓ સાથે ચર્ચા કરી શાંતિપૂર્ણ આંદોલનનો સ્વિકાર કર્યો હતો. સ્વનિર્ભર શાળાઓએ રાજ્ય સરકારના અસંવેદનશીલ જી.આર.ને પરત ખેંચવા માટે હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી છે અને તેનો સ્વિકાર કરાયો છે. જોકે, આ સ્થિતિમાં બાળ માનસ પર આ બાબતની અવળી અસર ન ઉદ્દભવે એ માટે ૨૭ જુલાઈના સોમવારથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવશે. લાખો બાળકોના ભવિષ્યની ચિંતા કરતા આ પ્રકારે સોમવારથી ફરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.

### વિદ્યાર્થીહિતમાં ઓનલાઇન શિક્ષણ શરૂ થશે

વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે એ માટે ઓનલાઇન શિક્ષણ સોમવારથી શરૂ કરવાનો હકારાત્મક નિર્ણય લીધો છે. શિક્ષકો ઘર બેઠા અથવા શાળામાં આવીને વિદ્યાર્થીઓને ઓનલાઇન ભણાવશે. જોકે, શાળામાં વહીવટી કામગીરી સંપૂર્ણ બંધ રહેશે અને એકમ કસોટી પણ બંધ રહેશે. સંચાલકોએ પોતાની વાત હાઇકોર્ટમાં રજૂ કરી છે અને હાઇકોર્ટ ન્યાય આપશે એવી આશા છે.

- સવજી હુણ
(પ્રમુખ, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરત)

મહામંડળના શનિવારના ઓનલાઈન અધિવેશનમાં નક્કી થયા મુજબ સરકારનો જી.આર. બિલકુલ ગેરવાજબી હોવાનો મત અપાયો છે. આ પરિપત્ર સામે વિરોધ નોંધાવ્યો છે. પરંતુ આ સમય દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓની માંગને આધારે તજજ્ઞો સાથે ચર્ચા કરીને સોમવારથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવશે. પણ સરકારના આ અભિગમ સામે અસહકારથી વિરોધ નોંધાવાયો છે. આ વિરોધ હજું ચાલુ રહેશે. આમ, સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના આ નિર્ણયને આધારે સુરતની ૧૨૦૦ સહિત દક્ષિણ ગુજરાતની ૧૬૦૦ ખાનગી શાળાઓમાં સોમવારથી ફરીવાર ઓનલાઈન શિક્ષણ શરૂ કરવાનું નિર્ધારીત કરાયું છે. તેને કારણે સુરતની ૧૨૦૦ ખાનગી શાળામાં ભણતા ૫ લાખ વિદ્યાર્થીઓ ફરીવાર ઓનલાઈન ભણતા થશે. તેમ છતાં શાળાઓમાં વહીવટી કામગીરી બંધ રાખવાનો અને એકમ કસોટી મુદ્દેનો વિરોધ અકબંધ રહેશે.

સુરત

# શિક્ષકોની હાજરી ઓનલાઈન પુરવાનો આદેશ હાલ પુરતો મુલતવી

(પ્રતિનિધિ દ્વારા) સુરત,ગુરૂવાર

**સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાઓની જેમ જ ખાનગી શાળાઓમાં પણ આજથી શાળાઓમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની હાજરી ઓનલાઈન રજુ કરવા સામે શાળા સંચાલક મંડળે વાંધો ઉઠાવતા હાલ પુરતી શિક્ષકોની હાજરી નહીં પુરવા સરકારે સુચના આપી છે.**

## આઉટસોર્સિંગથી કામગીરી થતી હોવાથી શિક્ષકોનો ખાનગી ડેટા ચોરાવાની ભીતિ સંચાલકોએ વ્યકત કરી

રાજયના શિક્ષણ વિભાગે આદેશ કરીને આજે ૧ લી ઓગસ્ટ થી તમામ ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની તેમજ શિક્ષકોની હાજરી ઓનલાઈન પુરવા સુચના આપી હતી. આ સુચનાને લઈને સુરત શહેરના શાળા સંચાલક મંડળે વાંધો ઉઠાવ્યો હતો. સાથે જ શિક્ષકોની હાજરી નહીં પુરવા શિક્ષણ સચિવ સમક્ષ રજુઆત કરી હતી. સંચાલક મંડળે રજુઆત કરી હતી કે ખાનગી શાળાઓમાં શિક્ષકો સ્ટેબલ રહેતા નથી. એમાં વેરીએશન આવતુ રહે છે. ધણા શિક્ષકો વધારે પગાર મળતા છોડીને ચાલ્યા જતા હોય છે. સૌથી મહત્વની બાબત તો એ છે કે આ કામગીરી સરકાર આઉટ સોસીગ પાસેથી કરાવવાની છે. આથી શિક્ષકોના ખાનગી ડેટા ચોરાઈ જવાની શકયતા છે. તો આ ડેટાઓનો મીસ યુઝ પણ થઈ શકે તેમ છે. શિક્ષકોના ડેટા બહાર કોર્મશીયલ કે પ્રોફેશનલ રીતે વેચી શકે છે. તો નોકરીની વેબસાઈટ પર ડેટા મુકી શકાય તેમ છે. શાળા સંચાલક મંડળની આવી રજુઆતના પગલે શિક્ષણ વિભાગે આજે ખાનગી શાળાઓમાં શિક્ષકોની હાજરી નહીં પુરાવવાની સુચના આપી છે. શિક્ષકોની માહિતી રજુ કરવી કે નહીં ? તે માટે ચાર મહિનાનો સમય અપાયો છે. આ ચાર મહિના પછી નિર્ણય લેવાશે.



(તસવીર : મીનેશ બંગડીવાલા)

# શાળાઓની ફી વધારવાની માગ સાથે સંચાલકોનો એફઆરસી કચેરીએ મોરચો

સુરત, તા. ૧૬

એકતરફ ફી વધારા સામે વાલીઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારે બીજી તરફ સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા ફી વધારાની માગણી કરી સોમવારે એફઆરસી કચેરી પર મોરચો માંડ્યો હતો અને માગણી ન સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવા સાથે આર્થિક મુશ્કેલીનું કારણ ધરી દિવાળી બાદ નવા સત્રમાં શાળાઓ ખોલવી કે નહીં તે અંગે પ્રશ્ન ઊભો કર્યો છે.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રોવિઝનલ ફી અંગે તાજેતરમાં જ એફઆરસી દ્વારા શહેરની ૧૬૯ શાળાઓની ફી જાહેર કરી હતી. જેમાં ઘણી શાળાઓમાં ફી ગત વર્ષની ફી કરતા પણ ઓછી થઇ છે અને અમુક શાળાઓની ફીમાં કોઇ પણ પ્રકારનો વધારો થયો નથી. સોમવારે શહેરની સ્વનિર્ભર ૧૪૫ શાળાના સંચાલકો દ્વારા ફી વધારા મુદ્દે એફઆરસીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ ડૉ. દીપકભાઇ રાજગુરુએ જણાવ્યા મુજબ ફી વધારો નહીં આપી એફઆરસી દ્વારા શાળાઓ માટે મુશ્કેલ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સંજોગોમાં સંચાલકો શાળા ચલાવી શકે તેમ નથી. આથી સ્વનિર્ભર શાળાઓનું અસ્તિત્વ ટકાવી રાખવા એફઆરસીએ પુનઃ વિચારણા કરી ફીમાં વાજબી વધારો કરવા રજૂઆત કરવામાં આવી છે. વધુમાં જણાવાયું હતું કે, ફીમાં જો વધારો નહીં થાય તો શાળાઓ ચલાવવી મુશ્કેલ બનશે અને અને દિવાળી બાદ નવા સત્રમાં શાળા ફરી ખોલવી કે નહીં તે મોટો પ્રશ્ન બનશે.

ઉપરાંત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા કરવામાં આવેલી રજૂઆત સ્વીકારવામાં આવે તો સંચાલકોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી હતી.

### શાળા સંચાલકોની રજૂઆત સંદર્ભે ચર્ચા-વિચારણા બાદ નિર્ણય : જગદીશ ચાવડા

એફઆરસીના જગદીશભાઇ ચાવડાના જણાવ્યા અનુસાર સંચાલકોના જવાબરૂપે ફી વધારા બાબતે ૧૬૯ શાળાઓની શૂન્ય ટકા પ્રોવિઝનલ ફી કેટલી છે. તે જાણીને કમિટી દ્વારા ચર્ચા-વિચારણા કરીને જો ફી વધારવી યોગ્ય હશે તો જ ફી વધારો કરવામાં આવશે અન્યથા ફી વધારો કરવામાં આવશે નહીં. એફઆરસીના ફી ઘટાડા બાદ હજુ સુધી વાલીઓ ફી પરત બાબતે સંઘર્ષ કરી રહ્યા છે પરંતુ કોઇ પણ જાતની રાહત મળી નથી. કેટલીક શાળાઓએ જે તે પ્રકારના દસ્તાવેજ ઊભા કરીને ફી વધારી દીધી છે. ત્યારે આવી બાબતોને ધ્યાનમાં રાખીને એફઆરસી દ્વારા ચર્ચા-વિચારણા કરીને નિર્ણય લેવામાં આવશે.

**૧૪૫ શાળાના સંચાલકો ફી નહીં વધે તો દિવાળી બાદ શાળાઓની આર્થિક સ્થિતિ બગડશે : માગ નહીં સ્વીકારાય તો આંદોલનની ચીમકી**

એપ્રિલથી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રના આરંભના વિવાદ વચ્ચે શાળા સંચાલક મહામંડળ મેદાનમાં

# શિક્ષણનું 'CBSEકરણ'.. સંચાલકો મુખ્યમંત્રીના દ્વારે

## આંધળે બહેરું | ૨૦૨૦-૨૧થી લાગુ થનારી પરીક્ષા પદ્ધતિને લીધે વિકટ સ્થિતિ : મુખ્યમંત્રીને ફરિયાદ

| સુરત |

રાજ્યની તમામ શાળાઓમાં ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રના સમયપત્રકમાં કરાયેલા બદલાવના શિક્ષણજગતમાં ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. ખાસ કરીને સુરત શહેર અને જિલ્લાની શાળાઓમાં સ્પષ્ટ નારાજગી જોવા મળી રહી છે. ૪૦૦ ખાનગી શાળા અને ૧૬૮ ગ્રાન્ટેડ શાળાઓ સાથે જોડાયેલા સંચાલક મંડળોએ રજૂઆત, વિચારમંથન સાથે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. એવામાં હવે એકસમાન પરીક્ષા પદ્ધતિ અને નવી શાળા મંજૂરીના પ્રશ્ને કનડગતનો અહેસાસ થતો હોય સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ પણ મેદાનમાં આવી ગયું છે. તેમજ શિક્ષણ જગતમાં પ્રવર્તી રહેલી વિચિત્ર સ્થિતિને જોતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, અગ્ર શિક્ષણસચિવ વિનોદ રાવ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુમાસમાને લેખિત આવેદનપત્ર સાથે હૈયાવરાળ ઠાલવવામાં આવી છે. પ્રમુખ ભરત ગાજીપરા અને મંત્રી રાજેશ નાકરાણી દ્વારા અપાયેલા આવેદનપત્રમાં પ્રશ્નોના ત્વરિત ઉકેલની પણ માંગ કરાઈ છે.

### ૨૦ એપ્રિલથી નવા સત્રને મુદ્દે શાળાઓમાં મિટિંગનો દોર

૨૦ એપ્રિલથી શરૂ થનારા નવા સત્ર મુદ્દે ગ્રાન્ટેડ શાળાઓમાં પણ કચવાટની સ્થિતિ જોવા મળી રહી છે. ખાસ કરીને શિક્ષકોની નિવૃત્તિ સમયને લઇને ભારે અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં અડાજણ, અઠવાલાઇન્સ, વરાછા, કતારગામ સહિતના વિસ્તારોમાં આવેલી શાળાઓમાં મિટિંગનો દોર પણ શરૂ થઇ ગયો છે. આચાર્યો, શિક્ષકો, સંચાલકો વચ્ચે ટેલિફોનિક ચર્ચા સાથે રૂબરૂમાં બેઠક કરવાની સાથે આ મુદ્દે શું કરી શકાય, વાર્ષિક પરીક્ષા વહેલી લેવી કે કેમ, વાલીઓ સાથે વિચારવિમર્શ સહિતની ચર્ચાઓ થઇ રહી છે.

### એકસમાન પરીક્ષા પદ્ધતિ મુદ્દે મુખ્યમંત્રીને ફરિયાદ

- દરેક શાળામાં સમાન પરીક્ષા પદ્ધતિ કાર્યરત ન રહે તો અફરાતફરી થવાની શક્યતા.
- દરેક શાળા મિશન, વિઝન સાથે કામ કરતી હોય સમાન પદ્ધતિથી ગુણવત્તા જાળવવી મુશ્કેલ.
- શિક્ષકો માટે માર્ગદર્શિકા, પેપર સેટ કરવાનું સોફ્ટવેર જેવી સગવડતા અપાશે કે કેમ એ પ્રશ્ન.
- પરીક્ષા અંગેની વ્યવસ્થા, વિશ્વસનીયતા અને મૂલ્યાંકન જેવા પ્રશ્નો અંગે સમસ્યાની ભીતિ.
- ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ખાનગી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા ઘટશે. બિનતંદુરસ્ત હરીફાઇ થશે.

### નવી શાળાઓ શરૂ કરવામાં સર્જાતી મુશ્કેલી

- નવી શાળા શરૂ કરવા માટે ૧૫ વર્ષના લીઝ પર મકાન મળતું શહેરી વિસ્તારમાં મુશ્કેલ.
- ભાડા કરાર પૂર્ણ થતા નવા નિયમો મુજબ અન્ય સ્થળ ફેરફાર કરવાનું શાળા માટે મુશ્કેલ.
- શાળા આસપાસની ખુલ્લી જગ્યાનો મેદાન તરીકે ઉપયોગ કરવાનો ભાડા કરાર માન્ય રાખો.
- ક્રમિક વર્ગ અને વર્ગ વધારા માટે નવા નિયમો મુજબ વ્યવસ્થા કરવી સંસ્થાઓ માટે અશક્ય.
- નવી શાળા શરૂ કરવાના નિયમમાં સમસ્યા, વિસંગતતા હોય કાયદાકીય રીતે ઉકેલ જરૂરી.

### ૨૦ એપ્રિલથી નવા સત્રના અનેક ફાયદા : DEO

શનિવારે તાજપોર ઇજનેરી કોલેજ ખાતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનો સમારોહ યોજાયો હતો. જેમાં સુરત જીલ્લા શિક્ષણાધિકારી એચ. એચ. રાજ્યગુરુએ ૨૦ એપ્રિલથી નવા સત્રને લીધે અનેક ફાયદા થશે એવો સૂર આલાપ્યો હતો. તેમને હાંકલ કરી હતી કે, શિક્ષણ વિભાગના નિર્ણયને કારણે એપ્રિલમાં બિનઉપયોગી સમય પડી રહેતો હતો તેનો ઉપયોગ થશે. પહેલેથી ચોપડા આવી ગયા હોય ધો-૧૦ અને ૧૨નો વિદ્યાર્થી વેકેશનમાં વાંચતો થશે. તેનાથી શિક્ષણની ગુણવત્તા સુધરશે. ઓનલાઇન ફોર્મ પ્રકિયાની માફક જ નવી પદ્ધતિનો પણ સરળ રીતે અમલ થઇ જશે.

ખાનગી શાળામાં ઓનલાઈન હાજરી : શિક્ષણ સચિવ સાથે બેઠક

# વિદ્યાર્થીનો ડેટા આપવા સંમત શાળા સંચાલકોની શિક્ષકોના મુદ્દે અસંમતિ

| સુરત |

સુરત સહિત રાજ્યભરની શૈક્ષણિક સંસ્થાઓમાં ઓનલાઈન હાજરીના ફતવાને લઈને ભારે ઊહાપોહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ગ્રાન્ટેડ શાળા બાદ હવે ગ્રાન્ટેડ કોલેજો અને ખાનગી શાળાઓમાં ઓનલાઈન હાજરીના આદેશથી ચર્ચાનું મોજું ફળી વળ્યું છે. એવામાં હવે રાજ્ય સ્તરે થયેલી રજૂઆતો બાદ શાળા સંચાલકો માત્ર વિદ્યાર્થીઓનો ડેટા આપવા માટે રાજી થયા છે. જ્યારે શિક્ષકોનો ડેટા અપલોડ કરવાની વાતે હજૂ પણ અસંમતિ દર્શાવવામાં આવી છે. વિદ્યાર્થીઓના ડેટા માટે પણ શાળાઓએ ૧૫ ઓગસ્ટ સુધીની મુદત માંગી છે.

૧૦ જૂનથી શરૂ થયેલા નવા શૈક્ષણિક સત્રથી ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થી અને શિક્ષકોની ઓનલાઈન હાજરી લેવામાં આવી રહી છે. ત્યાર બાદ ૧ ઓગસ્ટથી ગ્રાન્ટેડ કોલેજો અને ખાનગી શાળાઓમાં ઓનલાઈન હાજરીનો આદેશ કરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ પ્રશ્નો સાથે ખાનગી શાળા સંચાલકોએ નારાજગી વ્યક્ત કરી હતી. સુરત શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે તે માટે શિક્ષણાધિકારી કચેરીને લેખિત રજૂઆત કરી હતી. જ્યારે ૧ ઓગસ્ટથી અમલનો આદેશ હોય બુધવારે શાળા સંચાલકોએ શિક્ષણ સચિવને મળીને પોતાની વ્યથા વર્ણવી હતી. શિક્ષણ સચિવ વિનોદ રાવ સાથે શાળા સંચાલકોએ રાજ્યસ્તરીય મંત્રણા કરી હતી.

૪ કલાક સુધી ચાલેલી વાતાઘાટો બાદ આખરે ઓનલાઈન હાજરીની પ્રકિયા માટે વિદ્યાર્થીઓનો ડેટા આપવા માટે સંમતિ દર્શાવી હતી. તેમાં પણ ૧ ઓગસ્ટના ગુરુવારથી તે શક્ય ન હોય ૧૫ ઓગસ્ટ સુધીમાં ડેટા આપી દેવાની ખાતરી આપી હતી. જોકે, શિક્ષકોની માહિતી આપવા માટે અસંમતિ દર્શાવવામાં આવી હતી. શાળા સંચાલકોએ ઓનલાઈન હાજરીના અમલ બાદ ૪ મહિના સુધી પ્રકિયાનું નિરીક્ષણ કર્યા બાદ શિક્ષકોની માહિતી આપવાનો સૂર આલાપ્યો હતો.

### હવે ૮ ઓગસ્ટે સંકુલ પ્રમાણે આચાર્ય સાથે બેઠકનો આદેશ

ઓનલાઇન હાજરી, એક બાળ એક વૃક્ષ અને ખેલ મહાકુંભ એમ ત્રણેય પ્રોજેક્ટોને લઇને સ્થાનિક શિક્ષણ તંત્રએ તડામાર તૈયારી શરૂ કરી છે. હવે ૮ ઓગસ્ટે સવારે ૧૦ કલાકે વિવિધ ૧૪ વિદ્યાસંકુલમાં સમાવિષ્ટ શાળાઓની સંકુલ પ્રમાણે બેઠકનું આયોજન કરાયું છે. શિક્ષણાધિકારી કચેરી સંકુલ પ્રમાણે બેઠક માટે વિવિધ સ્થળની જાહેરાત કરી છે. આચાર્યએ પોતાના સંકુલ પ્રમાણે ફાળવવામાં આવેલા શાળા બિલ્ડિંગમાં બેઠક માટે ફરજિયાત હાજર રહેવું પડશે. આમ, હવે ઓગસ્ટની શરૂઆત સાથે બેઠકોની વણઝારને લઇને આચાર્યોમાં નારાજગી વ્યાપી ગઇ છે.



સં ગચ્છધ્વં સં મનધ્વમ્

હમણાં સુધી એફઆરસી દ્વારા કરાયેલા દરેક ફરમાનને મૂંગે મોઢે અમલી કરતી ખાનગી શાળાઓની ધીરજ ખૂટી

# FRCની આડોડાઈ: શાળા સંચાલકોનો બળાપો

**રજૂઆત** ૭થી ૮ ટકાના વધારાની માંગ સામે નવા સત્રમાં ૧૬૯ શાળાઓની ફીમાં એક રૂપિયાનો વધારો ન કરાતા ઊહાપોહ

| સુરત |

સુરત સહિત દક્ષિણ ગુજરાતની ખાનગી શાળાઓમાં ફી નિર્ધારણને લઈને વિવાદનો વંટોળ સર્જાયો છે. ફી નિર્ધારણ સમિતિએ નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦ની હાલમાં જ નિર્ધારીત કરેલી પ્રોવિઝનલ ફીને લઈને શાળા વર્તુળમાં નારાજગીનો દોર જોવા મળી રહ્યો છે. હમણાં સુધી દરેક ફરમાનને મૂંગે મોઢે અમલી કરતી ખાનગી શાળાઓની ધીરજ ખૂટી હોય સોમવારે ફી નિર્ધારણ સમિતિ સમક્ષ શાળા સંચાલકોએ બળાપો ઠાલવ્યો હતો. તેમજ શાળાઓમાં કર્મચારીઓનો પગાર વધારો, સવલતોના ખર્ચને ધ્યાનમાં લેતાં સરેરાશ ૭થી ૮ ટકાનો ફી વધારો આપવા માટે માંગ કરી હતી.

ફી નિર્ધારણ સમિતિના પ્રોવિઝનલ અને ફાઈનલ ફીના આદેશને કારણે છેલ્લા ત્રણ વર્ષમાં શિક્ષણજગતમાં અનેકવાર હલચલ જોવા મળી છે. હમણાં સુધી એકદમ સરળપણે ચાલતી શિક્ષણ વ્યવસ્થામાં છેલ્લા ત્રણ વર્ષમાં અનેક ભૂકંપ આવ્યા છે. એવામાં હવે ફી નિર્ધારણ સમિતિએ ૧૦ દિવસ પહેલાં ૧૬૯ શાળાઓની નિર્ધારીત કરેલી પ્રોવિઝનલ ફીએ અનેક પ્રશ્નો સર્જ્યા છે. ફી સમિતિએ દબાણને વશ થઈને ૧૬૯ શાળાઓને નવા સત્રમાં એક રૂપિયાનો ફી વધારો આપ્યા વિના ગત વર્ષની જ ફી મંજૂર કરી છે. જેને લઈને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના નેજા હેઠળ ૧૫૦ શાળા સંચાલકોએ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ હૈયાવરાળ ઠાલવી હતી. હમણાં સુધી માત્ર વાલીઓના વિરોધથી ધણધણી ઉઠતી ફી નિર્ધારણ સમિતિની ઓફિસ સોમવારે સાંજે ૪થી ૫ વાગ્યા સુધી શાળા સંચાલકોની વેદનાથી ધ્રૂજી ઉઠી હતી. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના સ્થાપક રાજેશ નાકરાણી, અધ્યક્ષ દીપક રાજગુરુ, પ્રમુખ સવજી હુણ સહિત ૨૦ કારોબારી સભ્યો, હોદ્દેદારોની આગેવાનીમાં શાળા સંચાલકો એકત્રિત થયા હતા. તેમજ શાળાઓમાં પગારભથ્થાની સ્થિતિ જોતાં સરેરાશ ૭થી ૮ ટકાનો ફી વધારો કરવાની માંગ કરી હતી.



### સરેરાશ ફી વધારો આપવા માટે એફઆરસીની ખાતરી

શાળા સંચાલકોએ ૨૦૧૯-૨૦ના નવા સત્રમાં સરેરાશ ફી વધારો આપવા માટે માંગણી કરી હતી. ફી સમિતિએ હાલમાં જ જાહેર કરેલા પ્રોવિઝનલ ફીના ઓર્ડરમાં અનેક શાળાઓની ફીમાં વધારો ન કરવાની સાથે જ કેટલીક શાળાઓની ફી ઘટાડી છે. આ સ્થિતિમાં શાળા સંચાલકોની વેદના સાંભળ્યા બાદ પ્રથમ તબક્કે ફી સમિતિના સભ્યોમાં કોઇ સળવળાટ દેખાયો ન હતો. ફી સમિતિએ આ ઓર્ડર પ્રોવિઝનલ હોય હિયરિંગમાં અથવા તો અપીલ વખતે યોગ્ય નિર્ણય લેવાનો મત આપ્યો હતો. તેમ છતાં પણ શાળા સંચાલકો એકના બે ન થતાં આખરે ફી સમિતિએ સરેરાશ ફી વધારો આપવાની ખાતરી આપી હતી.

### શાળા સંચાલકોની ફી સમિતિ સમક્ષ હૈયાવરાળ

- ગત બે વર્ષમાં સરેરાશ ૭ ટકા ફી વધારો આપ્યો છે. એટલો વધારો આ વર્ષે પણ જરૂરી.
- મોટા ભાગની શાળાઓમાં ફીમાં કોઇ વધારો ન કરાતા શાળા સંચાલનમાં કટોકટી.
- દર વર્ષે શાળાના કર્મચારીઓનો પગાર વધે છે. જેથી ફીમાં વધારો આવશ્યક છે.
- શાળાઓ માટે મુશ્કેલી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય શાળા ચલાવી શકીએ એમ નથી.
- ૫. સરકાર દર ૭ માસે મોંઘવારી ભથ્થા વધારે છે. જેને જોતાં શાળાનો ખર્ચ પણ વધે છે.
- જો યોગ્ય નિર્ણય લેવાશે નહીં તો સંચાલકોએ ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવું પડશે.
- આર્થિક મુશ્કેલીને જોતાં દિવાળી બાદ સમસ્યા ઊભી થશે તો શાળા શરૂ કરી શકીશું નહીં.

### આર્થિક સમસ્યાને લીધે શાળા શરૂ કરવી મુશ્કેલ

છેલ્લાં બે વર્ષમાં ફી સમિતિ દ્વારા ઘણા ઓર્ડરો કરવામાં આવ્યા છે. તેમ છતાં શાળા સંચાલકોએ એકજૂથ થઇને ક્યારેય રજૂઆત કરી નથી. જોકે, આ વર્ષે ૨૦૧૯-૨૦ના સત્રમાં એક રૂપિયાનો ફી વધારો ન આપતા મૂંઝવણો ઊભી થઇ છે. ખાનગી શાળાઓના વહીવટમાં મુશ્કેલી આવી રહી છે. જેથી દિવાળી બાદ શાળા ખોલવામાં સમસ્યા સર્જાય તેવી શક્યતાં છે. - દીપક રાજગુરુ (અધ્યક્ષ, શાળા સંચાલક મંડળ)

---

સરકારને શાળા સંચાલકોને વેધક પ્રશ્ન

## ગયા વર્ષે નવરાત્રીનું વેકેશન આપ્યું ત્યારે શિક્ષણ બગડયું નહોતુ ?

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

આજે સુરતમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખનાર ૨૭૧ સ્કૂલોને ડીઈઓએ નોટિસ ફટકારી હતી. જ્યારે ગત ૨૦૧૮માં નવરાત્રીમાં સરકારે વેકેશન જાહેર કરવા છતાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવા બદલ ખાનગી સ્કૂલોને નોટિસ ફટકારાઈ હતી.

### એક દિવસની હડતાળની શિક્ષણ બગડવાની કાગારોળ મચાવી ૨૭૧ સ્કૂલોને નોટિસ ફટકારાઇ

વર્ષ-૨૦૧૮માં રાજ્ય સરકારે નવરાત્રી વેકેશન જાહેર કર્યું છતા સુરતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે વિદ્યાર્થી અને શિક્ષણના હિતમાં શાળાઓ ચાલુ રાખીને સરકારના હુકમનો અનાદર કરતા નોટીસ ફટકારાઇ હતી. છતા વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા અને દિવાળીમાં ૨૧ દિવસનું વેકેશન આપ્યું હતું.

એક વર્ષ બાદ આજે ૨૭૧ ખાનગી સ્કૂલોને શૈક્ષણિક કાર્ય કેમ બંધ રાખ્યું ? તે અંગે બે દિવસમાં ખુલાસો કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી એચ.એચ.રાજ્યગુરુએ નોટિસ ફટકારી છે. સંચાલકોએ નામ ન આપવાની શરતે કહ્યું કે, સરકાર માટે એક જ નિયમો છે કે તેમના હુકમોનું પાલન કરવું. ગયા વર્ષે શિક્ષણના ભોગે નવરાત્રીમાં સ્કૂલો બંધ રાખી નહોતી. આજે સ્કૂલોની સલામતી માટે પ્રતિક હડતાળ પાડી છે. ત્યારે સરકાર અને ડીઈઓને લાગે છે કે અમે શિક્ષણનો ભોગ લઈ રહ્યા છીએ.. એક દિવસની હડતાળથી શિક્ષણ બગડશે તેવી વાતો કરાઇ પણ ગયા વર્ષે નવરાત્રીમાં ૧૦ દિવસનું વેકેશન આપ્યુ ત્યારે શિક્ષણ બગડયું નહોતું ? સરકાર પાસે તેનો કોઈ જવાબ છે?

### શાળા સંચાલકોની હડતાળ ગેરકાયદે છે : વાલી મંડળ

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

આજે શાળા બંધના આપેલા એલાનને પગલે વાલી મંડળ દ્વારા આજે જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર પાઠવીને રજુઆત કરી હતી કે આવા બિનજરૂરી અને ગેરકાયદેસર ફતવાઓ ના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ ને તથા વિદ્યાર્થીઓના માનસ ને ગંભીર પ્રકારની ક્ષતિઓ પહોંચે છે. તથા વિદ્યાર્થી અભ્યાસ માં નબળો બને છે. તથા તેનું ચિત અભ્યાસ પ્રત્યે ખોરવાય છે. વાલીઓને આર્થિક નુકસાન પણ થાય છે. જેથી આવી રીતે પોતાની જાતને કાયદાથી ઉપર સર્વેસર્વા સમજીને વિદ્યાર્થીઓના ભવિષ્યને અંધકારમાં મોકલવા માટે જે હડતાળ પાડવામાં આવી છે. જે ગેરકાયદે હોઈ શાળા સંચાલકો સામે કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી.



---

છેડે બની હોવાથી કન્ટેઇનર કાદવમાં ખૂંપી ગયું હતું. જોકે તેની ચાલક કેબીનના ફુરચા ઉડી ગયા હતા.

## સરકારનું દબાણ-ડીઈઓની ચીમકી છતાં સુરતમાં ૪૦૦ ખાનગી સ્કૂલો બંધ રખાઈ

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

ગુજરાત સરકાર દ્વારા સ્કૂલોમાં પ્રતિક બંધની મનાઈ અને જિલ્લા શિક્ષણાધિકારીની ચીમકી છતા આજે શિક્ષક પર હુમલાના વિરોધમાં સ્વનિર્ભર શાળા મંડળ સાથે સંકળાયેલી ૪૦૦ સ્કૂલો બંધ રાખવામાં આવી હતી. તેમજ મંડળે શૈક્ષણિક કર્મચારીઓના રક્ષણ માટે કાયદો બનાવવાની માંગ કરી હતી.

વરાછા સીમાડા રોડની આશાદીપ સ્કૂલના શિક્ષકને ચાલુ ક્લાસે બહાર ખેંચીને વાલીઓ દ્વારા જે ઢોર મારમારવાની ઘટના બની હતી તેના શિક્ષણ જગતમાં ઉંડા પ્રત્યાઘાત પડયા હતા. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ ઘટનાને વખોડીને આજે સોમવારે તમામ ૪૦૦ શાળાઓ બંધ રાખવાનુ નક્કી કર્યુ હતુ. જો કે રવિવારે શાળા સંચાલકો અને જિલ્લા શિક્ષણાધિકારી સાથે મોડી રાત્રે બેઠક થઈ હતી. આ બેઠકમાં સંચાલકો ટસથી મસના થયા હતા અને બંધના એલાન માટે મક્કમ રહ્યા હતા. આજે સવારથી જ મંડળની તમામ ૪૦૦ શાળાઓ સંપૂર્ણ બંધ રખાઇ હતી. સંચાલક મંડળે પોલીસ કમિશ્નર, જિલ્લા શિક્ષણાધિકારી તેમજ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને રજુઆત કરી હતી કે શાળામાં કોઈ ઘટના બને તો સંચાલકનું ધ્યાન દોરવુ જોઈએ. ગેરકાયદે ટોળુ બનાવીને અનઅધિકૃત રીતે શાળામાં પ્રવેશી કાયદો હાથમાં લઈને વિદ્યાર્થીઓની રૂબરૂમાં શિક્ષકને માર મારવાની ઘટના સમગ્ર સમાજ અને સરકાર માટે પણ ચિંતાજનક છે. શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીના રક્ષણ માટે યોગ્ય કાયદો બનાવે તે જરૂરી છે. શાળાઓમાં કોઈ વ્યકિત અનઅધિકૃત રીતે પ્રવેશ ન કરે તે સંબંધે જાહેરનામુ બહાર પાડવા અરજ કરી હતી. સાથે જ દોષિતોને સજા ના થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે અચોક્કસ મુદત માટે શાળાઓ બંધ રાખવાની ચીમકી આપી હતી.

### નોટીસનો જવાબ એક સાથે જ આપવામાં આવશે

સુરત જિલ્લા શિક્ષણાધિકારી એ શાળાઓ ચાલુ રાખતા ૨૭૧ સ્વનિર્ભર શાળા સંચાલકોને ફટકારેલી નોટીસને લઈને પ્રમુખ દિપક રાજ્યગુરૂના જણાવ્યા મુજબ હજી સુધી અમોને નોટીસ મળી નથી. અને નોટીસ મળ્યા પછી અમે એક એક સંચાલકને બદલે મંડળમાંથી તમામ સંચાલકો ડીઈઓએ ફટકારેલી નોટીસનો જવાબ આપશે. તમામ સંચાલકો સાથે જ નોટીસનો જવાબ આપવા જશે.



શાળામાં ઘૂસી વિદ્યાર્થીઓની હાજરીમાં શિક્ષકને મારવાની ઘટના સમાજ માટે ચિંતાજનકઃ શૈક્ષણિક કર્મચારીઓના રક્ષણ માટે કાયદો બનાવો

---

ભારે ગડમથલ બાદ કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં વચલો માર્ગ કાઢવામાં આવ્યો

# શાળા ભલે બંધ, ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે

**શિક્ષણનો સંતાપ** ૧૪ જુલાઈ સુધી વહીવટી કામગીરી બંધ રાખી ઓનલાઈન શિક્ષણ અપાશે, સંચાલકો-DEO બંને સંતુષ્ટ

| સુરત |

સુરત સહિત રાજ્યભરની શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ સાથે નવું સત્ર ચાલી રહ્યું છે. દરમિયાન સુરતમાં કોરોના સંક્રમણના વધેલા કિસ્સાઓનું કારણ આગળ કરીને ૧૪ જુલાઈ સુધી તમામ સ્વનિર્ભર શાળાઓ બંધ રાખવાના એલાન સામે જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા શરૂ રાખવા અને ઓનલાઈન શિક્ષણ અકબંધ રાખવાનો આદેશ કર્યો હતો. આ મુદ્દે છેલ્લા બે દિવસથી ચાલી રહેલી ગડમથલ બાદ વચલો રસ્તો કાઢી ૧૪ જુલાઈ સુધી ખાનગી શાળાઓ બંધ રાખવાની સાથે જ ઓનલાઈન શિક્ષણ અકબંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના હોદ્દેદારોની મળેલી ઓનલાઈન મિટિંગમાં ૮થી ૧૪ જુલાઈ સુધી તમામ ખાનગી શાળામાં વહીવટી કામગીરી બંધ રાખવાની સાથે જ કર્મચારીઓ અને ઓનલાઈન શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોને રજા આપી દેવાનું નિર્ધારીત કરાયું હતું. શાળા સંચાલક મંડળના આ એલાન પછી શિક્ષણ જગતમાં સળવળાટ જોવા મળ્યો હતો. દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીએ પરિપત્ર જાહેર કરી ખાનગી શાળા શરૂ રાખવાનો અને ઓનલાઈન શિક્ષણ પણ અકબંધ રાખવાનો આદેશ કર્યો હતો. સમગ્ર પ્રકરણમાં બુધવારે જિલ્લા કલેક્ટર ડૉ.ધવલ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા શિક્ષણાધિકારી એચ.એચ.રાજ્યગુરુની હાજરી વચ્ચે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતના બે પ્રતિનિધિઓએ પોતાની વ્યથા ઠાલવી હતી. દરમિયાન વિવિધ મુદ્દે ચાલેલી ચર્ચા બાદ પ્રવર્તમાન સંજોગોને જોતાં વહીવટી કામગીરી માટે શાળાની કચેરીઓ ૧૪મી સુધી બંધ રાખવાનો અને તે સામે વર્ક-લર્ન ફ્રોમ હોમને આધારે કર્મચારીઓને ઘર બેઠા કામગીરી, શિક્ષકોને ઘર બેઠા ઓનલાઈન શિક્ષણ માટે કાર્યરત રાખવાનો નિર્ણય લેવાયો હતો. આમ, વહીવટી કામગીરી માટે શાળા બંધ રહેવાની સાથે જ ઓનલાઈન શિક્ષણ ચલાવવાનો વચલો માર્ગ કાઢવામાં આવ્યો હોય શાળા સંચાલકો અને શિક્ષણાધિકારી બન્ને સંતુષ્ટ થયા હતા.

### ઓનલાઇન શિક્ષણ થકી વિદ્યાર્થીઓ ઘર બેઠા ભણશે



શાળા સંચાલકોની રજૂઆતને જોતાં કલેક્ટરે બુધવારે બપોરે મુલાકાતનો સમયગાળો ફાળવ્યો હતો. દરમિયાન વિવિધ મુદ્દે ચર્ચા કરાઇ હતી. જેમાં હાલના સંજોગોમાં શિક્ષણનું સાતત્ય રહે અને વિદ્યાર્થીઓ શિક્ષણ સાથે જોડાયેલા રહે એ માટે ઓનલાઇન શિક્ષણ જરૂરી હોય શાળાઓમાં ઓનલાઇન શિક્ષણ અકબંધ રહેશે. તેમાં શિક્ષકો ઘર બેઠા પણ વિદ્યાર્થીઓને ભણાવી શકે છે.

- એચ.એચ.રાજ્યગુરુ (શિક્ષણાધિકારી)

### વર્ક ફ્રોમ હોમ, લર્નિંગ ફ્રોમ હોમ અંગે નિર્ણય લેવાયો



તમામ સ્વનિર્ભર શાળાની કચેરી ૧૪ જુલાઇ સુધી બંધ રહેશે. નોન ટીચિંગ અને ટીચિંગ સ્ટાફ ઘરેથી કામ કરશે. કલેક્ટર સાથે થયેલી ચર્ચામાં આ નિર્ણય લેવાયો છે. વર્ક ફ્રોમ હોમ અને લર્નિંગ ફ્રોમ હોમ પર સંમતિ આપવામાં આવી છે. સુરત શહેરમાં કોરોના સંક્રમણના કિસ્સા વધી રહ્યા છે ત્યારે તમામ શાળાની વહીવટી કચેરી ૧૪મી સુધી બંધ રાખી ૧૫મીએ ફરી શરૂ થશે.

- દીપક રાજ્યગુરુ (અધ્યક્ષ, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરત)

---

શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ હેમખેમ ચાલે છે ત્યારે પરીક્ષાનો નિર્ણય અયોગ્ય હોવાનો મત

# કોરોનાના કકળાટ વચ્ચે એકમ કસોટી સામે રોષ

**પરીક્ષા કોની ?** ઘરે ઘરે જઈ ઉત્તરવહી આપવાની પ્રક્રિયા જોખમી હોવાની સંચાલકોની ફરિયાદ

| સુરત |

સુરત સહિત દક્ષિણ ગુજરાતની શાળાઓમાં હાલમાં ઓનલાઈન શિક્ષણ સાથે નવા સત્રનું શિક્ષણકાર્ય ચાલી રહ્યું છે. વાલીઓ પાસે સવલતોનો અભાવ અને અન્ય પ્રશ્નોને કારણે હજુ ઓનલાઈન શિક્ષણ હેમખેમ ચાલી રહ્યું છે. એવામાં હવે શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં એકમ કસોટી, સામાયિક કસોટી લેવાનો આદેશ કરાતા વિરોધનો વંટોળ શરૂ થઈ ગયો છે. સમગ્ર મુદ્દે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરત દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નિયામકને ફરિયાદ કરી કસોટી રદ કરવાની માંગ કરી છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નિયામકે ૨૯ અને ૩૦ જુલાઈના રોજ વિદ્યાર્થીઓ ઘર બેઠા કસોટી આપી શકે એ માટે સામાયિક મૂલ્યાંકન કસોટી અને એકમ કસોટી લેવાનો આદેશ કર્યો હતો. તે માટે શાળાઓને જવાબદારી સોંપીને ઘરે જઈને પ્રશ્નપત્ર વિતરણ કામગીરી કરવાની સૂચના આપી હતી. શિક્ષણ તંત્રના આ નિર્ણય સામે શિક્ષણવિદોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. હાલમાં બાળકો, અનેક પરિવારો કોરોનાને લીધે ચિંતાતુર છે ત્યારે આ પ્રકારે પરીક્ષાનો નિર્ણય યોગ્ય ન હોવાનો મત અપાયો હત. જોકે, આ મુદ્દે હવે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરત દ્વારા વિદ્યાર્થી અને શિક્ષકોના હિતમાં કસોટી રદ કરવાની માંગ કરવામાં આવી છે. તે માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નિયામકને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

### સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-સુરતની ફરિયાદ પર એક નજર

૧. હાલમાં સુરત શહેર અને જિલ્લામાં કોવિડ-૧૯નું સંક્રમણ ગંભીર રીતે વધી રહ્યું છે. એવામાં વિદ્યાર્થીઓના ઘરે ઘરે જઇને પ્રશ્નપત્રો પહોંચાડવાનું કાર્ય જોખમી છે.

૨. શિક્ષકો માટે આવી કામગીરી જોખમી અને જીવલેણ હોય સ્વનિર્ભર શાળાઓનું સંચાલક મંડળ સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોને આ કામગીરી સોંપવા માટે તૈયાર નથી.

૩. હીરા-કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા લાખો લોકો સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાત પોતાના વતન ગયા છે. તેઓ હજું પરત આવ્યા નથી. તેઓના બાળકોની હાલ સુરતમાં હાજરી નથી.

૪. લોકડાઉનને કારણે વાલીઓ આર્થિક મુશ્કેલીમાં હોવાથી જૂન માસની ફી ભરતા નથી. તેને કારણે શાળાના કર્મચારીઓને પગાર ચૂકવવામાં પણ મુશ્કેલી સર્જાઇ રહી છે.

૫. આ વિવિધ કારણોને જોતાં હાલમાં સુરત શહેર અને જિલ્લામાં મૂલ્યાંકન-એકમ કસોટી લઇ શકાય તેમ ન હોવાથી આ કસોટી રદ કરવામાં આવે એ જરૂરી છે.

---

# ખાનગી અને ગ્રાન્ટેડ શાળાના બોર્ડનાં પરિણામ અલગ જાહેર કરવા માંગ

| સુરત |

ખાનગી શાળાઓમાં ઓનલાઈન હાજરીના મુદ્દે સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાતના હોદ્દેદારોએ શિક્ષણ સચિવની મુલાકાત લેવાની સાથે જ રૂબરૂમાં રજૂઆત કરી હતી. દરમિયાન શાળા સંચાલકોએ હૈયાવરાળ ઠાલવવાની સાથે જ શિક્ષણની ગુણવત્તાનું યોગ્ય માપદંડ નીકળે એ હેતુથી ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ શાળાનું બોર્ડનું પરિણામ અલગ-અલગ જાહેર કરવાની માંગણી કરી હતી.

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ દીપકભાઈ રાજ્યગુરુ, મહામંત્રી રાજેશભાઈ નાકરાણી, સુરત મંડળના પ્રમુખ સવજીભાઈ હુણ સહિતનાઓએ શિક્ષણ સચિવની મુલાકાત સાથે મહામંડળ દ્વારા લેખિત રજૂઆત કરાઈ હતી. ખાનગી શાળા સંચાલકો વતી કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ, વિદ્યાર્થીઓની હાજરી બાબતમાં સ્વનિર્ભર શાળાઓ શિક્ષણ વિભાગના નિર્ણય સાથે સહમત છે. પરંતુ શિક્ષકોની હાજરી માટે ૪ મહિના પછી રિવ્યુ કર્યા પછી નક્કી કરવામાં આવશે. ઝોન મુજબ બે પ્રતિનિધિ, કો-ઓર્ડિનેટર પ્રમાણે કુલ ૯ પ્રતિનિધિઓ સાથેની ઝોન પ્રમાણે ટાસ્કફોર્સની રચના કરાઈ એ જરૂરી છે. શિક્ષકો માટે ઓનલાઈન સર્ટિફિકેશન કોર્સ એ શિક્ષકોને તાલીમ આપવી જરૂરી છે.

સરકાર દ્વારા ઘોષિત થતાં તમામ એવોર્ડ્સમાં ખાનગી શાળાના શિક્ષકો, આચાર્ય અને શાળાને સામેલ કરવામાં આવે. સરકાર દ્વારા નિયુક્ત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ચારેય ઝોનના ચાર નોન-ગ્રાન્ટેડ સભ્યોનો સમાવેશ થાય. શક્ય હોય તો બોર્ડના પરિણામ ખાનગી, ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓના અલગ અલગ જાહેર કરવામાં આવે.

---

# સ્વનિર્ભર શાળાઓ ૧૪મી સુધી બંધ રહેશે: શિક્ષકો પોતાના ઘરેથી વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવશે

સુરત, તા. ૮

શહેરમાં કોરોનાના વધતા વ્યાપ અને કર્મચારીઓની શારીરીક સુરક્ષાને ધ્યાનમાં રાખી શહેરના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સાથે સંકળાયેલા ૪૦૦ જેટલા શાળાના ભવનોને ૮ જુલાઈથી ૧૪ જૂલાઈ સુધી સંદતર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ દરમિયાન શિક્ષકો વિદ્યાર્થીઓને પોતાના ઘરેથી ઓનલાઈન શિક્ષણ આપશે, જ્યારે વહીવટી કર્મચારીઓ ઘરથી પોતાનું કાર્ય કરશે. શહેરમાં કોરોના વાયરસના વધતા જતા સંક્રમણને પગલે મંડળના આગેવાનોએ જીલ્લા કલેકટર ધવલ પટેલને આ સંદર્ભે રજૂઆત કરી હતી, જેમાં શાળાના ભવનોને એક અઠવાડીયા માટે બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો.

સમગ્ર વિશ્વને હચમચાવી નાંખનાર કોરોના વાયરસે સુરતમાં પણ માથુ ઉંચક્યુ છે. છેલ્લા કેટલાક દિવસોથી સુરતમાં કોરોના વાયરસના સંક્રમણનો અને મૃતક દર્દીઓની સંખ્યાનો ગ્રાફ સતત વધતો જઇ રહ્યો હોવાથી કર્મચારીઓની સુરક્ષા ખાતર સુરતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા બે દિવસ પહેલા જ તમામ શાળાઓના ભવનો એક અઠવાડીયા માટે બંધ રાખવાનો ઠરાવ કર્યો હતો. જેની સામે શિક્ષણાધિકારીએ જીદ્દી વરણ અખત્યાર કરતા શાળાના શિક્ષકોને ફરજીયાત ઓનલાઈન શિક્ષણ આપવાનું ફરમાન કર્યું હતુ. આ રસાકસી વચ્ચે આજે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના આગેવાનો જીલ્લા કલેકટર ધવલ પટેલને મળ્યા હતા, અને શાળામાં ફરજ માટે આવતા શૈક્ષણિક અને બીનશૈક્ષણિક કર્મચારીઓની સ્વાસ્થય સંબધીત તકેદારી માટે શાળાના ભવનો 8 થી 14 જૂલાઈ સુધી બંધ રાખવાની રજૂઆત કરી હતી. જેમાં જીલ્લા કલેકટરની સુચનાથી શાળાના ભવનો બંધ રાખવાની મંજુરી આપવામાં આવી હતી. જ્યારે કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ, અને વિદ્યાર્થીઓને હોમ લર્નિંગ કરાવવામાં આવે તેવો નિર્ણય કરાયો હતો.

સુરત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ દિપક રાજ્યગુરૂએ જણાવ્યું હતુ કે જીલ્લા કલેકટર સાથે થયેલી વાતચીતને અંતે મંડળ દ્વારા નિર્ણય કરાયો છે કે ૮ થી ૧૪ જૂલાઈ સુધી મંડળ સાથે સંકળાયેલા 400 જેટલા ભવનોમાં ચાલતી ૧૨૦૦ જેટલી શાળાઓ સંદતર બંધ રાખવામાં આવશે. તેમજ કર્મચારીઓ વર્ક ફોમ હોમ થકી કામ કરશે; જ્યારે શિક્ષકો પણ ઘરેથી જ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપશે. સાથે જ વિદ્યાર્થીઓને સરકાર દ્વારા ટી.વી માધ્યમથી આપવામાં આવતા ઓનલાઈન શિક્ષણ પણ મેળવવાનો આગ્રહ રાખે તેવી તાકીદ કરવામાં આવી છે.

કોરોનાનાવધતાવ્યાપઅનેકર્મચારીઓનીશારીરિકસુરક્ષાને ધ્યાનમાં રાખી, અઠવાડિયુ બંધ રાખવાનો નિર્ણય લેવાયો

---

(તસવીર : મીતેશ બંગડીવાળા)



## સ્વનિર્ભર શાળાઓને જ્યારે પણ જરૂર પડે મારા દ્વાર ખુલ્લા છે : સી. આર. પાટીલ

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ભાજપ પ્રદેશ અધ્યક્ષ પાટીલનો અભિવાદન સમારોહ યોજાયો

---

TEACHER ATTACKED BY STUDENTS' PARENTS

## 300 self-financed schools in Surat to remain closed tomorrow

EXPRESS NEWS SERVICE
SURAT, SEPTEMBER 28

THREE HUNDRED self-financed schools in Surat will remain closed Monday to protest against the attack on a teacher by the parents of a student on Thursday.

On Wednesday, Jigar Lakhani, a Class 12 student at Asha Deep School at Simada in Surat, was questioned by his teacher Vipul Gajera for shouting in the school toilet. The teacher had also scolded and slapped him after which Lakhani abused Gajera, police said.

The next day, Lakhani's parents and relatives came to the school and thrashed Gareja with wooden sticks. Other teachers and the school principal, Vipul Umrethiya, were also beaten up when they tried to intervene. The school trustee Mahesh Ramani also reached the school and took Gajera to a hospital where he was given treatment and later discharged. Both the parties have lodged complaint against each other. A video of the incidents has gone viral on social media. Some of the students have also taken to Facebook to garner support for Gajera.

**A video of the incidents has gone viral on social media. Some of the students have also taken to Facebook to garner support for the teacher**

On Saturday, self-financed school association of Surat called a meeting where it was decided that all the schools will remain closed Monday to condemn the attack. Talking to *The Sunday Express*, Self-financed School Association president Savjibhai Hun said, "All our members condemn the incident. Such behaviour cannot be tolerated. All the members agreed to keep their school closed on Monday. We will also make representation to Surat district collector Dhaval Patel demanding strict legal actions against the accused. A message should be sent to the public."

